Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every Month. Publish on 1st & 16th of every Month.

૧ જુલાઈ ૨૦૨૧
અંક : ૧૩
પૃષ્ઠ : ૧૬
કિ. રૂ. : ૬/-


ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

સ્થાપના : ૧૯૬૮

## અનુક્રમ


- ઉર્વીશ કોઠારી ૨
  - ★ કદીક વિચારજો ખરા
- તારે બોલવાનું નહીં ૩
  - ★ પ્રકાશ ન. શાહ
- ડૉ. અંજલિ ધવલ મહેતા ૪
  - ★ "શબવાહિની ગંગા"
- કાનજી પટેલ ૫
  - ★ સવાલ પૂછીશું
- બાબુ સુથાર ૬
  - ★ પ્રતિકારની કવિતા
- ફારૂક અ. ગફાર બાવાણી ૬
  - ★ હા, આ જ કવિતા છે
- રમેશ બી. શાહ ૭
  - ★ કાલગ્રસ્ત કૃષિનીતિ
  - ★ જગતની સર્વોત્તમ યુનિવર્સિટીઓ
- અશ્વિનકુમાર ન. કારીઆ ૮
  - ★ ઉભરતી મહિલા સક્રિયતા
- ભરત મહેતા ૯
  - ★ લઈ લો... લઈ લો... લક્ષદીપ લઈ લો
- સંધ્યા ભટ્ટ ૯
  - ★ તારે બોલવાનું છે
- ચંદુ મહેરિયા
  - ★ ખેતપેદાશોના ટેકાના ભાવનું અર્થકારણ અને રાજકારણ ૧૦
  - ★ લવજેહાદ, કાયદો અને મહિલાસ્વાતંત્ર્ય ૧૧
- ઉર્વીશ કોઠારી ૧૨
  ચંદુ મહેરિયા
  અશ્વિનકુમાર
  - ★ ગુજરાતી પત્રકારત્વની દ્વિશતાબ્દીઃ મહત્તા અને મૂલ્યાંકનનું ટાણું
- જાગૃત ગાડીત ૧૩
  - ★ રસીકરણ વિશે
- ભરત વિંઝુડા ૧૩
  - ★ આઝાદી
- અતુલ ભટ્ટ ૧૪
  - ★ 'નૉમિની'નું નામ છાપવાનું ફરજિયાત બનાવો
- દિલીપ સતાશિયા ૧૫
  - ★ મેગ્નેટમેનના સમાચારોથી ગેરમાર્ગે દોરાશો નહીં
- હિમાંશી શેલત ૧૬
  - ★ લેખન શિબિર


સૌજન્ય : ઈપીડબલ્યુ

## સર્જકો અને ભાવકોને અપાતી ધમકી અંગે

ગુજરાત સરકાર દ્વારા સ્વાયત્તતા ઝૂંટવી લઈ સરકારી બનાવી દેવાયેલી ગુજરાત સાહિત્ય અકાદમી 'શબ્દસૃષ્ટિ' નામનું સામયિક ચલાવે છે.

આ સામયિકના જૂન-૨૦૨૧ના અંકમાં પૃષ્ઠ ૮૯ પર "ના,આ કવિતા નથી, 'કવિતા'નો અરાજકતા માટેનો દુરૂપયોગ છે..." એવા મથાળા હેઠળ એક લખાણ છપાયું છે જે લખનારનું નામ લખવાની અનિવાર્ય જવાબદારી બાજુ પર મૂકીને લખાયું છે જેને કોઈપણ સરકારી કામકાજની દૃષ્ટિએ અનૈતિક, ગુનાહિત અને જોખમી પ્રવૃત્તિ ગણવી રહી.

વળી કોઈ ચોક્કસ કવિતા વિશે કોઈ લેખક પોતાનાં નામ સાથે પોતાના વિચારો મૂકે, ટીકા કરે, વખોડે એ તો સહજ સ્વીકાર્ય વાત છે જ. તંદુરસ્ત લોકશાહીમાં ટીકાટિપ્પણ, ચર્ચા, ખંડન-મંડન તો એનાં પ્રાણરૂપ છે.

પરંતુ અહીં કોઈપણ ચોક્કસ કવિતાનો ફોડ પાડ્યા વિના, કવિનું નામ પણ લખ્યા વિના, તેના વિશે મોઘમમાં ટીકાટિપ્પણ કરી છે અને જે તે કવયિત્રી ભૂતકાળમાં અકાદમી દ્વારા લાભાન્વિત કરાયાં છે તેવો વિશેષ (ઉપકારદર્શક) ઉલ્લેખ કરાયો છે.

આ કવિતા ખરાબ છે પણ કવિ સારાં છે, એવું હાસ્યાસ્પદ વિધાન કરી, કવિઓએ શું ન લખવું અને શું લખવું એવા ઈશારા દ્વારા સત્તાવાહી કલમે ૧૯૭૫ના કટોકટીકાળ -ઈમરજન્સીને યાદ અપાવે એવી પરોક્ષ ધમકી ગુજરાતના કવિઓ, સાહિત્યકારોને આપવાનો અહીં પ્રયત્ન થયો છે (૧૯૭૫ના કટોકટીકાળમાં, છાપાં- સામયિકોનાં લખાણ માર્ગદર્શિકા પ્રમાણે સરકારી બાબુઓ પાસે મંજૂર કરાવવાનાં રહેતાં.) જે સર્વથા વખોડવા લાયક અને ગુજરાતી સર્જકોનાં સ્વાતંત્ર્ય અધિકારનો મૃત્યુઘંટ વગાડવા સમાન અને કલમ પર હથોડા ઠોકવા સમાન છે.

ખાસ તો, આ કવિતાએ દેશવિરોધી, વિઘાતક, 'લિટરરી નક્સલ', દેશમાં અરાજકતા ફેલાવવા મથતાં તત્વો, જેવાંઓને પ્રોત્સાહિત કર્યાં છે અને તેઓ બધાં આ કવિના ખભે બંદૂક મૂકી, ફોડીને દેશ વિરોધી કૃત્ય કરી રહ્યાં છે એવો આક્ષેપ કરીને લોકશાહી ઢબે સર્જનકાર્ય કરી સાંપ્રત સમાજનો અવાજ બનનારા લેખકો અને કવિતાના લાખો ભાવકો તરફ ઉશ્કેરણીભર્યું વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન જે તે નનામા લેખકે કર્યો છે તે અત્યંત આઘાતજનક છે. અને ગરવી ગુજરાતી સાહિત્યની પરંપરાનું ગળું દબાવતાં, લોકશાહી માળખામાં કામ કરતી આ સરકારી સંસ્થાએ લોકહિત વિરુદ્ધ જે પ્રથા ઊભી કરવાના દરવાજા ખોલ્યા છે તે જોખમી અને ફાસીસ્ટ વલણ ધરાવે છે, જેને અમે સૌ વખોડી કાઢીએ છીએ.

લોકશાહી પરંપરામાં કવિતા લખવી અને કવિતા દ્વારા સમાજના પ્રહરી બનવું, સાંપ્રત ઘટનાઓનું ખંડન-મંડન કરવું, સત્તા ઉપર બેઠેલાઓનાં પગલાં કે નિષ્ક્રિયતાને કલમ દ્વારા વખોડવી એ પણ તંદુરસ્ત લોકશાહીનો હિસ્સો છે એવું અમે માનીએ છીએ. હમણાં જ ગયા અઠવાડિયે દેશની સર્વોચ્ચ અદાલત દ્વારા જે મહત્ત્વની વાત કહેવાઈ છે કે 'સરકારની ટીકા કરવી એ રાષ્ટ્રદ્રોહ નથી' તેને અહીં યાદ કરી ગુજરાતી ભાષા અને ગુજરાતને લાંછનરૂપ આ લખાણ પાછું ખેંચાય તેવી અપીલ અમે 'શબ્દસૃષ્ટિ'ના તંત્રી, અકાદમી અધ્યક્ષ અને ગુજરાત સરકારને કરીએ છીએ.

**અનિલ જોશી, અભિજિત જોશી, અભિજિત વ્યાસ, અદિતિ દેસાઈ, અમિત દવે, અમિતા શાહ, અમિતાભ મડિયા, અમૃત ગંગર, આનંદ પંડ્યા, અશ્વિન કારીયા, આતિશ ઇંદ્રેકર છારા, આનંદવર્ધન યાજ્ઞિક, આનંદ મઝગાંવકર, ઈલા જોશી, ઈન્દિરા હિરવે, ઈશ્વરસિંહ ચૌહાણ, ઈલિયાસ શેખ, ઉર્વીશ કોઠારી, ઉત્તમ પરમાર, ઉત્પલા દેસાઈ, કબીર ઠાકોર, કલ્પના સુતરિયા, કરતારસિંહ, કલ્પેશ દલાલ, કમલ વોરા, કમલેશ ઓઝા, કાનજી પટેલ, કિરણ ત્રિવેદી, કિશોર ગૌડ, કિરણ ચૌહાણ, કેતન રૂપેરા, કૌશિક અમીન, કૌશિક મહેતા, કુસુમ ડાભી, કુસુમ પોપટ,**

➔

ગણેશ દેવી, ગાલા જોશી, ગાર્ગેય ત્રિવેદી, ગૌરાંગ જાની, ગુલામ મોહમ્મદ શેખ, ઘનશ્યામ શાહ, ચંદુ મહેરિયા, ચિનાર શાહ, જાગૃત ગાડિત, જગદીશ પટેલ, જતીન શેઠ, જયંતિ પટેલ, જયશ્રી સોની, જયેશ દુધરેજીયા, જીજ્ઞેશ મેવાણી, જ્યોતિ ભટ્ટ, ઝરણા પાઠક, ઝકિયા સોમણ, ડંકેશ ઓઝા, તખુભાઈ સાંડસુર, તન્મય તિમિર, તિમિર અમીન, દક્ષિણ છારા, દેવ દેસાઈ, દીપક દોશી, દીવાન ઠાકોર, દિપક ધોળકિયા, દિપ્તિ જોશી, દિવ્યશા દોશી, દુર્ગેશ મોદી, દ્વારિકાનાથ રથ, નફીસા બારોટ, નટુભાઈ નિમ્બાર્ક, નટુભાઈ પરમાર, નટવર ગાંધી, નયના શાહ, નેહા રાવલ, નેહા શાહ, નિખિલ ગાંધી, નિર્ઝરી સિંહા, પ્રકાશ ન. શાહ, પલ્લવી ગાંધી, પંચમ શુક્લ, પંકિત દેસાઈ, પન્ના ઈરેસ્મસ, પન્ના નાયક, પાર્થ ત્રિવેદી, પરસીસ જિનવાલા, પ્રબોધ પરીખ, પ્રફુલ્લ રાવલ, પ્રતિષ્ઠા પંડ્યા, પ્રવીણ પંડ્યા, પ્રીતિ સેનગુપ્તા, પ્રસાદ ચાકો, ફ્રાન્સિસ પરમાર, બાબુ સુથાર, બારીન મહેતા, બીના જાદવ, બિનીત મોદી, બિંદુ પ્રસાદ, બિપિન પટેલ, બિપિન શ્રોફ, ભાનુભાઈ પુરોહિત, ભરત મહેતા, ભાર્ગવ ઓઝા, ભાવિક રાજા, ભાવના રામરખિયાણી, માધવી દેસાઈ, મધુભાઈ ભાવસાર, મધુસૂદન વ્યાસ, મહાશ્વેતા જાની, મહેશ યાજ્ઞિક, મલ્લિકા સારાભાઈ, મનહર ઓઝા, મણીલાલ ગાલા, મનીષી જાની, મંજરી મેઘાણી, મીનાક્ષી જોશી, મહેબૂબ દેસાઈ, મેહુલ દેવકલા, મેહુલ મંગુબેન, મિકી દેસાઈ, મીનલ દવે, મોહન ત્રિવેદી, યજ્ઞેશ દવે, યશવંત મહેતા, યોસેફ મેકવાન, રજની દવે, રાજા પાઠક, રમણ સોની, રમેશ બાપોદરા, રમેશ ઓઝા, રમેશ સવાણી, રામસાગર પરિહાર, રાજેશ ઠાકર, રાજુ પટેલ, ઋતા શાહ, રીતિ શાહ, રોહિત પ્રજાપતિ, રુચિર જોશી, રૂપા મહેતા, રૂપાલી બર્ક, લાલુભા ચૌહાણ, ડો. વિજય મહેતા, વજેસિંહ પારગી, વર્ષા ગાંગુલી, વીણા પંડ્યા, વૈભવ કોઠારી, વિપુલ કલ્યાણી, શરીફા વીજળીવાળા, શીબા જ્યોર્જ, શેફાલી બલસારી શાહ, સલિલ ત્રિપાઠી, સમીર ભટ્ટ, સમીક્ષા ત્રિવેદી, સંધ્યા ભટ્ટ, સંજય ભાવે, સંજય છેલ, સંજીવ શાહ, સાહિલ પરમાર, સિદ્ધાર્થ ગુજરાતી, સૌમ્યા બલસારી, સુભાષ જોશી, સુધીરચંદ્ર, સુખદેવ પટેલ, સુમન શાહ, સ્વાતિ દેસાઈ, સ્વાતિ ગોસ્વામી, સ્વાતિ જોશી, સરૂપ ધ્રુવ, હાજીભાઈ બાદી, હનીફ લાકડાવાલા, હરીશ મંગલમ, હર્ષ બ્રહ્મભટ્ટ, હેમંતકુમાર શાહ, હેમંત શાહ, હિરેન ગાંધી, હિમાંશી શેલત.

## કદીક વિચારજો ખરા / ઉર્વીશ કોઠારી

એક કવિતાને...
વખોડો
ગાળ દો.
કવયિત્રી વિશે એલફેલ લખો.
પ્રતિકવિતાઓ લખો.
તેના અનુવાદો પર અનુવાદો થાય, તેની ટીકા કરો.
નનામા તંત્રીલેખમાં ગંદકી ઠાલવો.
જાહેર કરી દો કે એ તો કવિતા જ બનતી નથી.
ખોળી કાઢો કે એ મૌલિક નથી.

એક કવિતાને...
હજુ જે કરવું હોય તે કરજો.
પણ પછી,
દિવસો કે વર્ષો પછી,
હું હોઉં કે ન પણ હોઉં ત્યારે,
શાંતિથી કદીક વિચારજો ખરા કે
તમે શું શું કર્યું હતું
એક કવિતાને,
તેમાં રહેલી કરુણ સચ્ચાઈને,
નકારવા માટે...
એવું કરી શકો તે માટે શુભેચ્છા.

૨૩-૬-૨૧


✳ 'નિરીક્ષક' દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.
✳ લવાજમ : (દેશમાં) વાર્ષિક રૂ.૨૦૦/- (વિદેશમાં) વાર્ષિક રૂ.૨૫૦૦/-
✳ વાર્ષિક લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદના સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યપદની રકમ 'નિરીક્ષક ફાઉન્ડેશન'ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી મોકલવા.
✳ સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯.
(ફોન : ૨૬૫૬૨૮૦૬)
✳ બ્લૉગ : nirikshakgujaratipakshik.wordpress.com


**તંત્રી : પ્રકાશ ન. શાહ** - E-mail : editor.nireekshak@gmail.com
**સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી**
E-mail : vipoolkalyani.opinion@btinternet.com
**સંપાદક : કેતન રુપેરા** - E-mail : ketan.nireekshak@gmail.com



**લવાજમ ભરવા માટે સરનામાં**

અમદાવાદ
- **વિજય મેગેઝિન વર્લ્ડ** : ૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
- **અદીત એજન્સી (એસ.બી. શાહ)** : ૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩
- **સૌરભ પુસ્તક ભંડાર** : બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨
- **નવકાર મેગેઝિન એજન્સી** : એ, ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક, મેમનગર, અમદાવાદ-૫૨
- **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬

આણંદ
- **મેગેઝિન વર્લ્ડ** : ગોપાલ ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧

પાટણ
- **એજ્યુકેશનલ એમ્પોરિયમ** : ૩૬, ઉમિયાનગર, પાટણ-૩૮૪૨૬૫

ભાવનગર
- **શિવમ એન્ટરપ્રાઇઝ** : બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ભાવનગર-૦૧

મહેસાણા
- **નવનીત મેગેઝિન એજન્સી** : એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, મહેસાણા-૦૧
- **પીયૂષ મેગેઝિન એજન્સી** : એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલય પાસે, બસ સ્ટેન્ડ પાસે, મહેસાણા-૦૧

મુંબઈ
- **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧૯૯/૧, ગોપાલભુવન, કલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨

સુરત
- **કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ** : કીમ, જિ. સુરત-૩૯૪૧૧૦

**જા.ખ.ના દર**
**આવરણ-૪** રૂ. ૪૦૦૦/-
**આવરણ-૩** રૂ. ૩૦૦૦/-
**અંદરનું આખું પાનું** રૂ. ૨૦૦૦/-
**અંદરનું અડધું પાનું** રૂ. ૧૦૦૦/-
**સેન્ટર સ્પ્રેડ** રૂ. ૪૦૦૦/-
**પુસ્તકોની જા.ખ. અડધા દરે**

# તારે બોલવાનું નહીં / પ્રકાશ ન. શાહ

૧૯૭૫ના કટોકટીરાજના બેસતે સુડતાલીસમે પહેલું સ્મરણ સ્વાભાવિક જ પારુલ ખખ્ખરની નવી રચનાનું થાય છે. અગિયારમી મેના રોજ એણે 'શભવાહિની ગંગા' ફેસબુક પર મૂકી ન મૂકી ત્યાં તો તે વિશ્વવાઈરલ થઈ ગઈ! આ પછી એને કેવા દોરમાંથી પસાર થવું પડ્યું હશે એનો અંદાજે અહેસાસ તરોતાજા રચના (નિરીક્ષક, ૧૬ જૂન)માંથી પસાર થતા આવે છે : 'ભલે હો પીડ પારાવાર, તારે બોલવાનું નહિ.'

જોવાનું એ છે કે વિધિવત્ ઘોષિત કોઈ કટોકટી નથી. જોવાનું એ છે કે નિયમિત ચૂંટણીઓ થાય છે અને ચુંટાતી સરકારો સત્તારૂઢ થતી રહે છે. પણ કેન્દ્રની વર્તમાન સરકારનાં સાતે વરસે 'તારે બોલવાનું નહિ' એવો કશોક વણલખ્યો આદેશ અનુભવાતો રહે છે. નહીં કે એ મુદ્દો થોડીકેક પણ ચર્ચામાં નથી આવતો; પણ તે વિશે ખૂલીને બહસ કરવાનો, કશીક દિલખુલાસ આપલે વાટે સમજ કેળવવાનો કે સધિયારો મેળવવાનો અવકાશ જ જાણે કે નથી.

આ પરિસ્થિતિમાં એક તરેહની અઘોષિત કટોકટી વાંચવાનો ચાલ છે, પણ તે મુદ્દો સામાન્યપણે પકડાતો નથી. જોકે આ સંદર્ભમાં એક પેરેલલ મને સાંભરે છે તે અહીં મૂકું છું. મોદી શાસન તળે એનસીઆઈટી બધાં પાઠ્યપુસ્તકો (ખાસ કરીને ઇતિહાસ-રાજ્યશાસ્ત્ર સમેત સમાજવિદ્યાઓનાં) નવેસર તૈયાર કરવાની ઝુંબેશ જારી છે. આ પ્રકારની કામગીરી ખરું જોતાં કાયમી છે અને તે પક્ષનિરપેક્ષ ધોરણે ચાલુ રહેવી જોઈએ. એક અંતરાલ પછી કૉંગ્રેસને કેન્દ્રમાં મનમોહનસિંહના નેતૃત્વ હેઠળ ૨૦૦૪ થી ૨૦૧૪નો એક આખો દસકો મળ્યો ત્યારે પણ સ્વાભાવિક જ પાઠ્યપુસ્તક-સુધારનો એક દોર ચાલ્યો હતો. આ કારવાઈ દરમિયાન પાઠ્યપુસ્તકમાં 'કટોકટી' વિશે, એને કારણે લોકતંત્રને પહોંચેલ હાણ વિશે, વિગતવિશદ પ્રકરણ લખાયું હતું અને તે અક્ષરશઃ છપાયું હતું. વર્તમાન શાસન તળે તમે રામજન્મભૂમિ આંદોલન સહિતની બાબતો સાથે દેશે ફરી એક વાર વિભાજનની ધાર પર મુકાયાનો જે અનુભવ કર્યો હતો એને લગતા વિગતવિશદ પ્રકરણની અપેક્ષા રાખી શકો ? વિચારશો.

ગયે વરસે દિલ્હીમાં ટ્રમ્પની મુલાકાતના દિવસોમાં થયેલી હિંસાને મુદ્દે દિલ્હી પોલીસે (જે કેન્દ્ર સરકાર હસ્તક છે એણે) પકડેલા ત્રણ વિદ્યાર્થી કાર્યકરોને તાજેતરમાં હાઈકોર્ટે જામીન પર છોડ્યા છે, કેમકે એમને પકડવા ને પૂરી રાખવા લાયક કોક ચોક્કસ વિગત આપવાની બાબતમાં પોલીસ પાછી પડી છે. એટલું ચોક્કસ કે આ વિદ્યાર્થી કાર્યકરોએ વિરોધ કર્યો હતો, પણ હિંસા સાથેની એમની સંડોવણી તો પોલીસ સાબિત કરી શકે ત્યારે સાચી. પણ પોલીસ તરફથી જે પણ પેપર્સ રજૂ થયા તે પછી (અને તે છતાં) હાઈકોર્ટે વિદ્યાર્થીઓને જામીન આપવાપણું જોયું એ હકીકત છે. હાઈકોર્ટના શબ્દોમાં "અસંમતિને રૂંધવાની લાયમાં રાજ્યમાનસમાં, અસંમતિ પ્રગટ કરવાના બંધારણીય અધિકાર તેમજ આતંકવાદ વચ્ચેની ભેદરેખા ધૂંધળી થઈ જતી માલૂમ પડે છે. જો આવી જ માનસિકતા જારી રહેશે તો એ લોકશાહી માટે ગમખ્વાર દિવસ હશે."શું હાઈકોર્ટના આ અવલોકનના ઉજાસમાં અઘોષિત કટોકટી નથી વંચાતી? વિચારીએ.

મદ્રાસ હાઈકોર્ટે બેત્રણ વરસ પરના એક કેસમાં હમણાં જે ચુકાદો આપ્યો તે પણ સંભારવા જોગ છે. આ કેસ કાર્ટૂન સબબ, એથી ગુનાઈત બદનક્ષી થતી હોવાને અંગે હતો. શાહુકારે ગરજમંદ માણસને નાણાં તો ધીર્યાં, પણ પઠાણી વ્યાજની અપેક્ષાએ એને ખાસો પીડ્યો. પેલાએ તંત્રમાં સ્થળે સ્થળે ધા નાખી, પણ વ્યાજખોર સંપર્કો સામે એનું કંઈ ન ચાલ્યું અને અંતે એણે આત્મહત્યા વહાલી કરી. આ વાત કાર્ટૂનિસ્ટે ઝીલી : એણે મુખ્યમંત્રી, કલેક્ટર તથા પોલીસ કમિશનર એમ ત્રણ અવસ્ત્ર આકૃતિઓ બનાવી; અને એ ત્રણેનાં ગુપ્તાંગને કરન્સી નોટો વડે ઢાંક્યાં! તો, કાર્ટૂનિસ્ટે જે કર્યું એ નસિયતપાત્ર ગણાય કે કેમ. મદ્રાસ હાઈકોર્ટે ચુકાદામાં કહ્યું કે ગુસ્સાની લાગણી, ટીકાભાવ આવે પ્રસંગે પ્રગટ થાય તેટલા માત્રથી કોઈ ગુનો બનતો નથી. કાર્ટૂનિસ્ટનો આશય સત્તાવળાઓની બદનક્ષીનો નથી, પણ સંબંધિત મામલાની ગંભીરતાને ઉપસાવવાનો છે. એમાં કશી ગુનાઈતતા નથી. (બાય ધ વે, પારુલની ચર્ચિત રચનામાં ચંગા, રંગા, ગંગાના પ્રાસમાં આવતા 'નંગા' પ્રયોગનુંયે એક લૉજિક હોઈ શકે, એ સમજાય છે?)

છેલ્લાં વર્ષોમાં ૨૫-૨૬ જૂન એ ભાજપનું એક માનીતું સ્પ્રિંગ બોર્ડ રહેલું છે. જોકે ઓણ નમોએ એક ટ્વિટ માત્રથી સંતોષી માન્યો છે— આટલાં વર્ષોમાં પહેલી જ વાર બાગે બહાર ગાગાલગા રખે ને બૂમરેંગ થાય એ બીકે— તે સૂચક છે. ગમે તેમ પણ, કૉંગ્રેસને ઝૂડવા માટે કટોકટીની વિગત એમને ઠીક કામમાં આવે છે, અને કૉંગ્રેસ વાંકમાં હતી તે હતી જ. (છતાં, કૉંગ્રેસ હસ્તક કટોકટીરાજની ટીકા કરતો પાઠ એનસીઈઆરટીના સત્તાવાર પાઠ્યપુસ્તકમાં હોઈ શકતો હતો.) મુદ્દો એ છે કે વિધિવત્ ઘોષિત કટોકટી વિના કટોકટીરાજની પેઠે ધોરાજી હંકારવાની (અઘોષિત કટોકટીની) જે રસમ કાયમી બની રહી છે એ વિશે ભાજપ શ્રેષ્ઠીઓએ શું કહેવાનું છે.

ગુજરાત સાહિત્ય અકાદમીનું જ ઉદાહરણ લઈએ તો એણે વિધિસરની સેન્સરશિપ અગર પ્રિ-સેન્સરશિપની કોઈ કશી કાનૂની જાહેરાત વગર પરબારા સેન્સરશિપનો ચાલ દાખલ કરવાનું વલણ સરાજાહેર પ્રગટ કર્યું છે તે આપણે હમણાં જ જોયું છે. અકાદમીના અધ્યક્ષે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે અમારો હેતુ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ છે. બીજા શબ્દોમાં, જે તે સર્જન અને જે તે સર્જક સાથે કામ લેવામાં એ અમારો કસોટીનો પથ્થર હોઈ શકે છે. સરકાર સાહિત્યને આ ધોરણે વ્યાખ્યાયિત કરે અને સાહિત્ય પદારથ માત્રને સારુ સરકારી થપ્પો અનિવાર્ય બની રહે એવું પણ હોઈ શકે છે. (અને, અલબત્ત, આ બધું એક ચુંટાયેલી સરકાર મુજબ થઈ રહ્યું છે એટલે લોકશાહી હતી, છે અને રહેશે, એમ માનીને ચાલવાનું છે.)

ચૂંટણી અને લોકશાહીનું આ સમીકરણ પણ તપાસ માગી લે છે. લોકશાહી એ દાયિત્વ અને ઉત્તરદાયિત્વનો નિત્ય વ્યવહાર છે. આ નિત્ય વ્યવહારમાં, પુષ્ટ અને મુક્ત ચર્ચાને અનુકૂળ પર્યાવરણરક્ષામાં, શાસન જેટલું પાછું પડે અને ઓછું ઉતરે એટલી લોકશાહી છતે ચૂંટણીપૈડે લંગડાતી ચાલે. ૧૯૭૫-૭૭માં જે સ્પષ્ટ દેખાતું હતું તે ૨૦૨૧માં દેખાતું નથી એનું કારણ એ છે કે ભૂતકાળમાં જે બનતું હતું તે ચાલુ સરકાર હસ્તક ઓછીવત્તી માત્રામાં બનતું હતું. અત્યારે જે બને છે તે પ્રશ્ન માત્રાનો નથી પણ પ્રકારનો છે. મૂળભૂત અધિકારો વિધિવત્ સ્થગિત કર્યા વિના સ્થગિતવત્ કરવાની આ પદ્ધતિ છે જે પ્રથમ નજરે નયે પકડાય. ચંગા, ગંગા, રંગાના પ્રાસમાં, 'નંગા' વિશે ભળતીસળતી ચર્ચામાં ફંટાઈ જઈ ધોરી વાટ રખે ચૂકીએ.

# "શબવાહિની ગંગા" / ડો. અંજલિ ધવલ મહેતા

**'શબવાહિની ગંગા' બેજવાબદાર સત્તાધારીઓના પ્રોટેસ્ટની કવિતા છે :**

કોવિડની મહામારી દરમિયાન ભારતની સરકારે જે ગેરવ્યવસ્થા ઊભી કરી તેની પારુલે 'શબવાહિની ગંગા'માં આકરી ટીકા કરી છે. આ કવિતાએ શાસકનો ચહેરો ખુલ્લો કર્યો છે. લાગણીવિહીન સરકાર સામેનો આ પ્રોટેસ્ટ છે. આ પ્રોટેસ્ટ કોઈ આંદોલનમાં પરિણમશે કે નહીં તેની આપણને ખબર નથી. આ કવિતાને કવિતા જ ના કહેવાય અને તેણે સમાજને છિન્નભિન્ન કરવાનું કામ કર્યું છે, તેવી આલોચના કરનારને જાગૃત લોકશાહી કેવી રીતે ચાલે છે, તેની ઝાઝી ખબર કે તમા હોય તેવું લાગતું નથી. ભારતમાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ કેવી રીતે હિન્દુ રાષ્ટ્રવાદ બની ગયો છે, તેની આપણને સૌને ખબર છે. આલોચક સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને કમિટેડ હોવાથી તેમને કદાચ એમ લાગતું હોઈ શકે કે પવિત્ર ગંગામાં અસંખ્ય મડદાં વહેતાં હોય તે દૃશ્ય બીભત્સરસ દર્શાવે છે. આ અંગેની કોઈ કવિતા હોઈ શકે નહીં. કવિતા મંગળકારી હોવી જોઈએ.

**આત્માની અમરતા કે આલોચકની અકળામણ :** કવિતા આત્માની કળા છે, તે વિધાનને આધારે પારુલની કવિતા નિષ્ફળ નીવડી છે તેવો આ કવિતાના આલોચકનો મત છે. પરંતુ કવિતા એ આત્માની કળા છે, તે પોતે જ અર્થહીન વિધાન છે. આત્માની કળા એટલે શું? આત્મા કળા કરતો હશે? પારુલની કવિતામાં આત્માની કળા છે કે નહીં તેનો નિર્ણય કોઈ સત્તાધારી કરે? કવિતામાં આક્રોશ ના હોવો જોઈએ, તેવું પણ વિધાન તેઓ કરે છે. કવિતામાં શાંત રસ જ હોવો જોઈએ, તેવું તમે શેના આધારે કહો છો? આનંદશંકર બાપુભાઈ ધ્રુવની આ અંગેની માન્યતા તદ્દન આઉટડેટેડ છે. અત્યારની ઘણી કવિતાઓમાં સામાજિક અન્યાય માટેનો પ્રોટેસ્ટ રજૂ થાય છે. તેમાંથી દલિતોની જે બ્રિલિયન્ટ પ્રોટેસ્ટ મૂવમેન્ટ ઊભી થઈ તે આપણા સમાજની ઊજળી બાજુ છે. દલિત પ્રતિકાર કવિતાઓનું ધોરણ પણ ઘણું ઊંચું છે. કવિતા કોને કહેવાય તે પ્રશ્નની ચર્ચા સદાય ચાલ્યા કરશે અને ચાલવી જોઈએ.

કોવિડની મહામારીએ સર્જેલા ઊંચા મૃત્યુદરના આઘાતથી પારુલની જેમ લાખો લોકો હલબલી ગયા છે. આ કવિતાનો ગૂઢાર્થ એ છે કે આ મૃત્યુ કુદરતી નહીં પણ માનવકૃત હતાં. ભારતની સરકારે કોવિડ અંગે વધુ સતર્કતા દાખવી હોત તો લાખો લોકો બચી જાત. આ કવિતા સરકારની હૃદયહીનતાને આક્રમક સ્વરૂપે રજૂ કરે છે. તેમાં સરકારનો ઇરાદો કે વિચારસરણીનું નિરૂપણ નથી, પરંતુ સરકારની નાગરિકો માટેની હૃદયહીનતાનું નિરૂપણ છે.

**સમયનું ડાઇનેમિક્સઃ** કવિતામાં સમયનું પણ ડાઇનેમિક્સ છે. તેને ચાર ભાગમાં વહેંચી શકાયઃ ટાઇમ-૧માં કોવિડની મહામારીમાં હજારો અને લાખો લોકો સપડાયા છે. ટાઇમ-૨માં લાખો લોકો આ મહામારીમાં મૃત્યુ પામ્યા છે. ટાઇમ-૩માં અનેક મડદાંઓ ગંગા નદીમાં પ્રવાહિત થયાં છે. આ જ તેમના અંતિમસંસ્કારની વિધિ છે. ટાઇમ-૪માં ભલે મડદાં મૃતશરીરનાં હોય, પણ તેઓ એકી અવાજે ચિત્કાર કરે છે અને અપ્રત્યક્ષ રીતે સરકારને ખૂની ગણે છે. સમગ્ર કવિતા આ ટાઇપના ડાઇનેમિક્સથી પ્રભાવિત થઈ છે.

**મિથિકલ કલ્પનો :** કવિએ પોતાના હૃદયની વેદના વ્યક્ત કરવા અનેક કલ્પનો-'મિથિકલ સિમ્બોલ્સ' ઊભાં કર્યાં છે. તે વિના આ કવિતા છાપાના સામાચાર બની જાત. કવિએ જૂના આદર્શ રામરાજ્યનું કલ્પન ઊભું કરીને અત્યારની સરકારના રાજ્યને રામરાજ્ય કહી ટોણો માર્યો છે. તે ઉપરાંત કવિએ જમરાજાનાં ટોળાં લોકોના પ્રાણ લેતી વખતે કેવો મૃત્યુનો નાચ કરે છે, તેનું બિહામણું ચિત્રપણ ઊભું કર્યું છે. વળી, મડદાને જીવંત વ્યક્તિની જેમ ચંગાચંગાના પોકારો કરતાં દર્શાવ્યાં છે. મૃતદેહોને બાળવા માટેની ચીમની પણ થાકી ગઈ છે અને પોરો ખાય છે. મડદાં અને ચીમનીનું સજીવારોપણ આ કવિતાના સંદર્ભમાં યથાર્થ છે. આ તમામ સજીવારોપણો એન્થ્રોપોમોર્ફિક છે, જેના નેપથ્યમાં ''કશું કામ નહીં કરતી સરકાર મડદાલ છે'' તેવો ભાવ ઊભો કરવામાં કવિ સફળ થયા છે. સ્ત્રીઓ પતિના મૃત્યુ વખતે ચૂડલા તોડી નાખે છે અને ડાઘુઓ છાતીફાટ રુદન કરે છે, તે આ કવિતાના કરુણરસને વધુ ગાઢો બનાવે છે. રામરાજ્યના કલ્પન (ઇમેજ)ને સતત કેન્દ્રમાં રાખીને અત્યારના 'નવા રામરાજ્ય'ની પારુલે મશ્કરી કરી છે અને કાવ્યના વાચકને તે સતત ભાન કરાવે છે કે અત્યારનું રામરાજ્ય કેવું 'ડિસફંક્શનલ' છે. કવિએ આ સંદર્ભમાં રોવણહારા શબ્દ વાપર્યો છે, તે ઈનોવેટિવ છે. આ શબ્દ આપણને સર્વહારા (પ્રોલિટરીએટ)ની યાદ અપાવે છે. શુ સરકારને સર્વહારાની ચિંતા નથી?

આ કવિતા માત્ર હૃદયહીન સત્તાધારીના વિરોધને કારણે નહીં, પરંતુ કવિતાના 'એથોસ', 'પેથોસ' અને 'લોગોસ'ને કારણે લોકભોગ્ય બની છે. પારુલે આ કવિતા દ્વારા સરકારની નિષ્ક્રિયતાને મસમોટો ફટકો માર્યો છે. સરકારની વસ્ત્રહીનતાની વાત પણ ચતુરાઈપૂર્વક આ કવિતામાં વણી લીધી છે અને સત્તાધારીનાં દિવ્યવસ્ત્રો અને દિવ્યજ્યોતિનાં વખાણ કર્યાં છે!! પરંતુ તેમ છતાં અત્યંત આક્રોશપૂર્વક સરકારને બિલ્લા-રંગા જેવી ખૂની ગણી છે. મિથ, સજીવારોપણ, એન્થ્રોપોમોર્ફિક ઇમેજરી વગેરેનું નેટવર્ક કવિતાને ઉપકારક નીવડ્યું છે. અને તેથી જ આ કવિતા લોકપ્રિય બની છે. દવાઓ અને ઑક્સિજનને અભાવે મરી જતા દર્દીઓને જોઈને આપણને સૌને અરેરાટી થાય તે સ્વાભાવિક છે. પારુલે આ અરેરાટીને કવિતામાં કલેક્ટિવ કૉન્શિયસનેસનો ભાગ બનાવી દીધી છે. કવિતાની શરૂઆત ડિપ્રેસ્ડ મૂડમાં થઈ છે, પરંતુ કવિતાને અંતે પારુલે એગ્રેસિવ મૂડ દર્શાવ્યો છે, જેને અંગ્રેજીમાં આપણે 'righteous indignation' કહી શકીએ.


## ડાઈરેક્ટ પેમેન્ટ માટે

- બૅંકમાં ડાઈરેક્ટ પેમેન્ટ માટે નિરીક્ષક પ્રકાશન, ખાતા નં. **10111977055**, એસબીઆઈ, ઝેવિયર્સ હાઇસ્કૂલ રોડ, ૧, અક્ષર આર્કેડ, મેમનગર ફાયર સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪

**SBIN0003092** : ભર્યા પછી ઇ-મેલ (prakash.nireekshak@gmail.com) અગર વૉટ્સ અપ/ એસએમએસ (૦૯૮૭૯૯૧૯૪૨૧)થી સરનામા સહિતની વિગતે ખબર આપો.

## સવાલ પૂછીશું / કાનજી પટેલ

લાશો જોઈને થાકી આંખો
હવે મીંચાઈ ગઈ
કોને પૂછવું ?
પૂછ્યું સિંહાસનને
ગંગાપ્રવાહ પર ને રેત પર
લાશો શીદ ?
સિંહાસન કહે
એને અવગણો
હકારાત્મક થાઓ
અરાજકતા ટાળો
દેશ સાથે દ્રોહ કરશો ?
પણ અમે રહ્યા દેશી
અમારું મન ફરીને
ગંગામાં અમારાં ભાંડુ તરફ વળે
ખસતાં નથી લાશ ફેંદતાં કૂતરાં
ભક્ત બોલે,માઁને બુલાયા હૈ
ઔર સબ અચ્છા હૈ

સવાલ નહીં છોડીએ
સવાલ જ માટી છે
પૂછ્યું તો સિંહાસન કહે
હવે મારું નામ સિસ્ટમ છે
એની જોડે વાત કરો
અમે સિંહાસનરૂપી સિસ્ટમને  સવાલ કર્યો
સેંકડો માઈલ ચાલીથાકીને
વાટમાં મરતા શ્રમિકો
સિંહાસન કે સિસ્ટમને દેખાયેલા ?
સિસ્ટમ કહે, એવું હતું નહિ
એ તો માધ્યમોનો ભ્રમ હતો
આ સાંભળી સિંહાસન મૌન રહ્યું

માટીના સમ
પૂછીએ પાયાનું
હાથમાં કામ કેમ નથી ?
હૈયામાં હામ કેમ નથી ?
ગામનાં ઝૂંપડાં
શેનાથી ધસી મરી પડ્યાં છે?
કેમ જુવાનમાં જુવાની નથી ?
ફોકટ ઓટલા તોડે
બબ્બે રૂપિયા લેખે ટ્‌વિટ કરે
બેકારી,મોંઘવારી,
આત્મહત્યા,દેહવિક્રય,ભૂખ અને
ભીખનાં ક્ષેત્રોનો વિકાસ શીદ થયો ?
મંત્રેલો બોથડ ડંગોરો
ઝીંક્યો શા માટે લોકના માથે ?
સિસ્ટમ કહે, આવા સવાલ?
મહેરબાની કરી
સિંહાસનને પૂછતાં નહિ

હવે તો સિંહાસનને જ પૂછીએ
સિંહાસન,તને પોસાય તો રાજ કર
દેખાતો નથી દિલ્હીના દરવાજે
તંબૂ તાણી બેઠો ખેડૂત
ઝેરના આદેશ પાછા વાળવા ?
સિંહાસન હવે મગર થયું
મગરના વેળાવેળાના વેશ
દર્પણમાં રૂપ જુએ
બતાડવા રોવે
સિંહાસન બદનામ ન કરો
વર મરો કન્યા મરો.
ગોરનું તરભાણું ભરો

એ બધી દેશસેવા છે
સિંહાસન દિનરાત કામ કરે
અને દેશવિરોધીઓ પ્રશ્ન કરે
ભલે અમે દેશવિરોધી
ના પૂછીએ તો માવતર લાજે
ક્યા ભાનમાં એક નારીને પજવવા
કેવી બૂમ મારેલી સિંહાસન પરથી?
ઇતિહાસમાં ઊતરી ગઈ એ બૂમ

હું સિંહાસન
મને સવાલ કરો છો ?
દેશના લોકોએ સિંહાસન રચ્યું,
લોકો સવાલ ના પૂછે ?
લોકમાં બુદ્ધ અને કબીર
લલ્લદે, તિરુવલ્લુવર,બાબા ફરીદ,નાનક,બસવ,
રૈદાસ,બાઉલ સંતો,

નરસિંહ, મીરાં અને મધર ટેરેસા

અમે લોક અણભણિયાં
અમારી દેશી હૈયાપોથી
સવાલ અમારા મટતા નથી
સિંહાસન પાસે એના જવાબ નથી
સિંહાસન સવાલને ચૂપ કરે છે
સિંહાસન ચૂપ નહિ થાય ?
થશે
અંદર નહિ
બહાર નહિ
દિવસે નહિ
રાત્રે નહિ
નરથી નહિ
પશુથી નહિ
ઉંબર પર
સંધ્યાકાળે
કોણ એને ઠેકાણે પાડશે ?
સવાલને દબાવીને
એ ખુદ ઠેકાણે પડશે

## પ્રતિકારની કવિતા / બાબુ સુથાર

પારુલ ખખ્ખરની કવિતાને જેમણે અ-કવિતા જાહેર કરી એમને પ્રતિકારના કાવ્યશાસ્ત્રની કેટલી ખબર હશે એ રામ જાણે. ગુજરાતીમાં પ્રતિકાર કવિતા ઘણી લખાઈ છે. સરૂપ ધ્રુવની 'સળગતી હવાઓ' એમાં આગલી હરોળમાં આવે. એ જ રીતે, દલિત કવિતા પણ આમ જુઓ તો પ્રતિકારની કવિતા છે. કટોકટી વખતે પણ પ્રતિકારનાં કાવ્યો લખાયેલાં. જેમણે એ પ્રકારનાં કાવ્યો લખેલાં એમાંના ઘણાબધા અત્યારે સંઘમાં કે સરકારમાં છે અને એમની સરકાર સામે કોઈ પ્રતિકારનાં કાવ્યો લખે તો એ કાવ્યો કાવ્યો છે કે અકાવ્યો એવા વાહિયાત પ્રશ્નો ઊભા કરતા હોય છે. આપણે નારીવાદી કવિતાઓનો પણ પ્રતિકારનાં કાવ્યોમાં સમાવેશ કરવો પડે. ગોધરા હિંસા પછી ઘણા સર્જકોએ પ્રતિકારનાં કાવ્યો લખ્યાં છે. એમાંનાં કદાચ કેટલાંક ગ્રંથસ્થ પણ થયાં હશે.

આટલું બધું પ્રતિકારનું સાહિત્ય લખાયું હોવા છતાં આપણા વિવેચકોએ એ સાહિત્યના આધારે પ્રતિકારના કાવ્યશાસ્ત્રની વાત કરી નથી. એવું બનવા પાછળ અનેક કારણો જવાબદાર છે. એક કારણ કદાચ સ્વરૂપવાદનો આગ્રહ પણ હોઈ શકે. જે સાહિત્યકારો સાહિત્ય અને સમાજની વાત કરતા હતા એ સાહિત્યકારોએ પણ આ પ્રકારના સાહિત્યના સંદર્ભમાં એક પ્રશ્ન તો પૂછ્યો જ છેઃ પણ આ કૃતિ સાહિત્ય બને છે ખરી? કહેવાનો મતલબ એ કે એ લોકોએ પણ પ્રતિકારનું કાવ્યશાસ્ત્ર રચવાનો પ્રયાસ કર્યો નથી.

હું માનું છું ત્યાં સુધી પ્રતિકારની કવિતાની ભાષા ચુસ્ત અર્થમાં mimetic નથી હોતી. એ પ્રકારની કવિતામાં ભાષા શસ્ત્ર બનીને આવતી હોય છે. જે ભાષા mimetic હોય એ કાં તો રૂપાન્તરવાદી હોય કાં તો અનુકરણવાદી હોય. પ્રતિકારની કવિતાની ભાષા રૂપાન્તર અને અનુકરણ બન્નેને ગૌણ મહત્ત્વ આપે છે. એમ હોવાથી એ પ્રકારની કવિતામાં શસ્ત્ર સાથે જોડાયેલા ભાવો જોવાના હોય. જેમ કે, એ પ્રકારની કવિતામાં આક્રોશ છે કે નહીં? એમાં હિંસા છે કે નહીં. એવાં સત્તાને target બનાવવામાં આવી છે કે નહીં? કવિએ સત્તાના કયા પાસાને target બનાવી છે? આ પ્રકારની કવિતા ભાવકને રસાનુભવ પછી કરાવે. પહેલાં તો એ ભાવકને લોહીલુહાણ કરે. ભાવકને પણ પડકારે. જ્યારે પા.ખ. 'રંગા-બિલ્લા' શબ્દો વાપરે ત્યારે એમનો આશય કોઈને રંગા-બિલ્લા કહેવાનો નથી હોતો. એમને આશય ભાવકોને પડકારવાનો હોય છે. પછી એ જુદી વાત છે કે રાજ્યતરફી સાહિત્યરસિકોએ એમાં બીજું જ કંઈક જોયું હોય.

Mimeticના કાવ્યશાસ્ત્રને વરેલો કવિ જે કવિતા લખે એ સમાજને મોટે ભાગે બે વર્ગમાં વહેંચી નાખે. એક વર્ગ કહેશેઃ મને આ કવિતા ગમી. તો બીજો વર્ગ કહેશેઃ મને ન ગમી. પણ protest અથવા તો પ્રતિકારના કાવ્યશાસ્ત્રને વરેલો કવિ જે કવિતા લખશે એ પણ સમાજને બે વર્ગમાં વહેંચી નાખશે. એક કહેશેઃ હા યાર, મને કવિતા વાગી. અને બીજો વર્ગ કહેશેઃ ના, એ કવિતા નથી.

જ્યારે કોઈ એવું કહે ત્યારે માનવું કે એ માણસ વધારે ઘવાયો છે અને એને ઘા બતાવવા કરતાં સંતાડવામાં વધારે રસ છે.

(સૌજન્ય, ફેસબુક)



## હા, આ જ કવિતા છે / ફારૂક અ. ગફાર બાવાણી

આદરણીયા પારૂલ ખખ્ખર સાહેબાની કવિતા તથા સાથોસાથ આદરણીય શ્રી વિષ્ણુ પંડ્યાનો પ્રતિભાવ પ્રગટ કરી આપે વાંચકોને સારી સગવડ કરી આપી છે. જે વાંચકોએ તે સાહેબાની કવિતા વાંચી ન હોય તે શ્રી પંડ્યાના પ્રતિભાવ સાથે વાંચી તટસ્થ અને સમતોલ નિર્ણય પર આવી શકે.

'નિરીક્ષક'ના ૧૬ જૂન, ૨૦૨૧ના અંકમાં આપની વિદ્વત્તાપૂર્ણ કલમે લખાયેલ અગ્રલેખ, શ્રી સલિલ ત્રિપાઠી સાહેબનો લેખ, શ્રી રમેશ સવાણી સાહેબનો લેખ વગેરે વાંચ્યા બાદ એમ લાગે છે કે આપ તમામ સાહેબોએ શ્રી પંડ્યાનો ખીમો (mincemeat) કરી નાખેલ છે. આપ સાહેબોના વિચારો, દલીલો સામે શ્રી પંડ્યાની દલીલો નબળી પુરવાર થાય છે, ટકી શકે તેમ નથી.

શ્રી પંડ્યાને વર્તમાન શાસકોનું ભરપૂર પીઠબળ, સંપૂર્ણ સમર્થન હોવા છતાંયે આપ સાહેબોએ તેમને સોઈ-ઝાટકીને જે કહેવાનું હતું તે સંસદીય ભાષામાં કહી અસાધારણ હિંમત બતાવેલ છે તે બદલ આપ સાહેબોને સલામ.

અંતમાં અમને કહેવા દો કે, "હા, આદરણીયા ખખ્ખર સાહેબની આ જ કવિતા છે. તેણી સાહેબાની "કવિતા"નો અરાજકતા નાબૂદ કરવા માટે સદુપયોગ છે, જે આવકાર્ય છે, સ્વીકાર્ય છે. તેણી મુબારકબાદના મુસ્તહક છે.

E-mail : bawanifarooq@gmail.com

રમેશ બી. શાહ

# કાલગ્રસ્ત કૃષિનીતિ

તાજેતરમાં સરકારે ડાંગરની ખરીદીના ટેકાના ભાવમાં (એમ.એસ.પી.) વધારો કર્યો એ વધારો આમ દેખીતી રીતે વાજબી પાંચ ટકા જેટલો અલ્પ છે. ટેકાના ભાવને જે તે પાકના ઉત્પાદન ખર્ચ સાથે સાંકળવાનો હોય છે. ડિઝલના ભાવમાં મોટો વધારો થયો હોવાથી ખેતીના ખર્ચમાં સર્વગ્રાહી રીતે વધારો થયો છે, પણ આ પ્રશ્નને તપાસવાનો સંદર્ભ જુદો છે.

વર્તમાન કૃષિ નીતિ હરિયાળી ક્રાંતિ માટે રચવામાં આવી હતી. એમાં એક સંપૂર્ણ કહી શકાય એવું પોલિસી પેકેજ તૈયાર કરવામાં આવ્યું હતું. ખેડૂતો ઘઉં અને ડાંગરના સુધારેલાં બિયારણનો ઉપયોગ કરવા પ્રેરાય તે માટે આવશ્યક બધાં પગલાં આ પોલિસી પેકેજમાં હતાં. ખેડૂતોને આધાર આપવા માટે ભાવોની ખાતરી ટેકાના ભાવો જાહેર કરીને આપવામાં આવી હતી. એ માટે ઘઉં અને ડાંગરની ખેતીના ખર્ચને ધ્યાનમાં લેવામાં આવે છે. બીજું, ટેકાના ભાવોની ખાતરી આપવા માટે સરકારે એ ભાવોએ ખરીદી કરવાની ગોઠવણ કરી ખેડૂતો રાસાયણિક ખાતરની વપરાશ કરવા પ્રેરાય તે વાસ્તે રાસાયણિક ખાતરો પર સબસિડી આપવામાં આવી. આ નીતિને અપૂર્વ સફળતા મળી છે. એટલું જ નહીં સરકારની ટેકાના ભાવે ખરીદીને કારણે સરકારી ગોદામો ઘઉં અને ચોખાથી છલકાય છે. આજે સરકાર પાસે દસ કરોડ ટન ઘઉં અને ચોખાનો જથ્થો છે. ૧૯૫૧-૫૨માં અનાજનું કુલ-ઉત્પાદન દેશમાં પાંચ કરોડ ટન હતું. ગયા વર્ષે ઘઉં અને ડાંગરની ૯.૬ કરોડ ટન ખરીદી સરકારે કરી હતી. હવે પ્રશ્ન ઘઉં અને ચોખાની વધુ પડતી પ્રાપ્તિનો છે.

હરિયાળી ક્રાંતિ માટેના આ પોલીસી પેકેજને અસામાન્ય સફળતા મળી તે માટે બે આધારો ટાંકવા પડશે. દેશમાં બીજા વિશ્વયુદ્ધથી શરૂ કરીને અનાજની તીવ્ર તંગી પ્રવર્તતી હતી. ૧૯૬૫-૬૬માં તો એવી સ્થિતિ સર્જાઈ હતી જેમાં અમેરિકાથી ઘઉં ભરેલી સ્ટીમરો આવે ત્યારે આપણે સસ્તા અનાજની દુકાનોમાંથી ઘઉં લોકોને આપી શકીએ. બીજુ, એક અમેરિકી નિષ્ણાતે ભૂખમરાથી કયા દેશોને બચાવી શકાશે અને કયા દેશોને નહીં બચાવી શકાય તે અંગેનો અભ્યાસ પ્રગટ કર્યો હતો. એમાં ભારતનો સમાવેશ નહીં બચાવી શકાય એ દેશોમાં કરવામાં આવ્યો હતો. હરિયાળી ક્રાંતિના પેકેજને અસામાન્ય સફળતા મળી હતી એમ લખ્યુ છે. પણ હવે એ પેકેજના કોઈ પાસાની જરૂરિયાત રહી નથી.

આ પેકેજ કાળગ્રસ્ત થયા પછી પણ ચાલુ રાખવામાં આવ્યું છે એનાં કેટલાંક માઠાં પરિણામો આવ્યાં છે. પંજાબ અને હરિયાણામાં હરિયાળી ક્રાંતિને અસામાન્ય સફળતા સાંપડી હતી. એ બે રાજ્યોમાં પોલિસી પેકેજ બરાબર કામ કરે છે. તેથી એનાં માઠાં પરિણામો એ બે રાજ્યોમાં વિશેષ કરીને પંજાબમાં જોવા મળ્યાં છે. ઘઉં અને ડાંગરની ખેતીમાં સરકારની ખરીદી નક્કી હોવાથી ખેડૂતો બીજા પાકો જતા કરીને ઘઉં અને ડાંગરની ખેતી કરે છે. સતત ઘઉં અને ડાંગર જેવા વિશેષ પાણી માંગતા પાકોનું ઉત્પાદન લેવાથી પંજાબમાં ભૂતળનાં પાણી નીચાં ઊતરી ગયાં છે અને જમીન તેની ફળદ્રુપતા ગુમાવી રહી છે. બીજી બાજુ આપણને કઠોળની અછત પીડે છે અને કઠોળની આયાત કરવી પડે છે, આ ખેડૂતો જો કઠોળ તરફ વળે તો એક બાજુ ઘઉં અને ડાંગરનો પુરવઠો ઘટે અને સરકારનાં ગોદામોમાં તેમનો જથ્થો ઘટે અને બીજી બાજુ કઠોળનો પુરવઠો વધે. આ વર્ષે સરકારે અડદ અને તુવેરના ટેકાના ભાવમાં રૂપિયા ૩૦૦નો વધારો કર્યો છે, પણ સરકાર કઠોળની ખરીદી મોટા પ્રમાણમાં કરી શકે તેમ નથી. ઘઉં અને ચોખાની ખરીદી એ કરે છે; કારણકે સસ્તા અનાજની દુકાનો ગરીબ લોકોને ઘઉં અને ચોખા પૂરા પાડે છે. એ જો કઠોળની ખરીદી કરે તો તેને એ જથ્થાને બજારમાં વેચવો પડે એટલે કે સરકારે વ્યાપારમાં પડવું પડે. તેથી સરકાર આવી સ્થિતિમાં ઘઉં અને ચોખા સિવાયની બીજી કૃષિથી મોટા પ્રમાણમાં ખરીદી કરી શકે તેમ નથી.

આમાંથી એવું જ્ઞાત થાય છે કે હરિયાળી ક્રાંતિના આ પોલિસી પેકેજને સંપૂર્ણપણ બાજુ પર મૂકવાનું છે એટલે કે ટેકાના ભાવોની પ્રથા બંધ કરવાની છે. સરકારે ટેકાના ભાવે ખરીદી બંધ કરવાની છે. અને રાસાયણિક ખાતરો ઉપરની સબસિડી પણ બંધ કરવાની છે. આનો અર્થ એવો નથી કે ખેડૂતોને સહાય કરવાની નીતિ સરકારે છોડી દેવાની છે. એ માટે બીજાં પગલાં ભરવાનાં છે જ એટલે કે બીજું પોલીસી પેકેજ તૈયાર કરવાનું છે, પણ કોઈ સરકાર આ પગલું ભરીને હરિયાળી ક્રાંતિના પોલિસી પેકેજની સાથે ઊભા થયેલાં સ્થાપિત હિતોને અવગણી શકે તેમ નથી. બીજા શબ્દોમાં, તેમનો વિરોધ સહન કરવા માટે કોઈ સરકાર તૈયાર થાય તેમ નથી. મોદી સરકારને ખેતીના સુધારા માટે ખેડૂતોનો વિરોધ સહન કરવો પડ્યો છે. તે ટેકાના ભાવને નાબૂદ કરી શકે તેમ નથી; કારણકે ખેડૂતો એ મુદ્દાને લઈને સરકાર સામે લડત ચલાવી રહ્યા છે. આ અનુભવનો સાર એ છે કે સરકારે પોતાની નીતિ દ્વારા સ્થાપિત હિતો ઊભાં કરતાં પહેલાં બહુ વિચારવું જોઈએ. જોકે રાજકારણીઓ પાંચ વર્ષથી લાંબા ભવિષ્યનો વિચાર કરતાં નથી.

# જગતની સર્વોત્તમ યુનિવર્સિટીઓ

લંડનસ્થિત ક્વાકરેલી સાયમડ્રસ (ક્યુએસ) દ્વારા જગતની સર્વોત્તમ યુનિવર્સિટીઓની યાદી છેલ્લાં ૧૮ વર્ષથી પ્રગટ કરવામાં આવે છે. એ પ્રમાણે તાજેતરમાં જગતની ૧૩૦૦ સર્વોત્તમ યુનિવર્સિટીઓની યાદી પ્રગટ કરવામાં આવી છે. આમાં યુનિવર્સિટીઓનો અર્થ સમજી લેવાની જરૂર છે. એમાં અનુસ્નાતક કક્ષાનાં શિક્ષણ અને સંશોધન કરતી સંસ્થાઓનો સમાવેશ થાય છે. એમાં બિઝનેસ સ્કૂલનો સમાવેશ થતો નથી. તેથી આપણી આઈઆઈએમ સંસ્થાઓનો સમાવેશ ના થાય તે સ્વાભાવિક છે.

જગતની ૧૩૦૦ ટોચની યુનિવર્સિટીઓમાં ભારતની ૩૫ યુનિવર્સિટીને સ્થાન મળ્યું છે. તેમાં ભારતની ટોચની સંસ્થાઓમાં આઈઆઈટી સંસ્થાઓનો સમાવેશ થાય છેઃ આઈઆઈટી મુંબઈ ૧૭૭મા ક્રમે, આઈઆઈટી દિલ્હી ૧૮૫મા ક્રમે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ બેંગાલુરુ, ૧૮૬મા ક્રમે, આઈઆઈટી મદ્રાસ(૨૫૫)મા ક્રમે, આઈઆઈટી કાનપુર ૨૭૭મા ક્રમે, આઈઆઈટી ખડગપુર ૨૮૦મા ક્રમે આઈઆઈટી ગુવાહાટી ૩૯૫મા ક્રમે અને આઈઆઈટી રુરકી ૪૦૦મા ક્રમે.

આ યાદી ભારતમાં યુનિવર્સિટીઓ વિશે નિરાશા જન્માવે છે. પણ આ યાદી કઈ પદ્ધતિથી તૈયાર કરવામાં આવે છે એ સમજવું જરૂરી છે. એમાં ટોચની ૧૦ યુનિવર્સિટીઓમાં ઈંગ્લેન્ડની ચાર, અમેરિકાની પાંચ અને સ્વિત્ઝરલેન્ડની એક યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે. મુદ્દો એ છે

કે આ યાદીમાં અમેરિકા અને યુરોપના અન્ય દેશોનું પ્રભુત્વ જોવા મળે છે. આમ આમાં યુનિવર્સિટીઓને જે ક્રમ આપવામાં આવે છે. તેમાં વધારે પ્રમાણમાં વિકસિત દેશોની યુનિવર્સિટીઓની પસંદગી થાય છે. આનું કારણ જે માપદંડ કે કસોટીઓ પસંદ કરવામાં આવે છે તેમાં વિકસિત દેશોની યુનિવર્સિટીઓની તરફેણ થાય છે.

આપણે કેટલાક માપદંડ તપાસીએ. એક મુદ્દો-યુનિવર્સિટીની બહારના જગતમાં જે પ્રતિષ્ઠા છે તેને સ્પર્શે છે. શિક્ષણના નિષ્ણાતો અને નોકરીઓ આપનારાઓને યુનિવર્સિટીની છાપ વિશે પૂછવામાં આવે છે. આમાં સહજ રીતે જૂની અને જાણીતી સંસ્થાઓને લાભ થાય છે.

બીજો માપદંડ વિદેશી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનું પ્રમાણ છે. વિદેશમાં વિદ્યાર્થીઓ માત્ર ઉત્તમ શિક્ષણ મેળવવા જતા નથી પણ ત્યાં નોકરીની સારી તકો મળે તો તે ઝડપી લેવા પણ જાય છે. આમાં વિકાસશીલ દેશોનો ગેરલાભ સ્પષ્ટ છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ વિકસિત દેશોમાં જતા હોય છે. તેથી વિકસિત દેશોમાં વિદેશી વિદ્યાર્થીઓનું પ્રમાણ વધારે હોય છે. ભારત જેવા બેકારીથી પીડાતા વિકાસશીલ દેશોમાં ઝાઝા વિદેશી વિદ્યાર્થીઓ ના આવે તે સમજાય એવી બાબત છે. અમેરિકા જેવા સાધનસંપન્ન દેશમાં યુનિવર્સિટીઓ માતબર હોય છે. તેથી તેઓ વિદેશી અધ્યાપકોનો સમાવેશ કરી શકે છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં વિદેશી અધ્યાપકો આકર્ષાય નહીં તે સહજ છે. વળી ભારતની યુનિવર્સિટીઓ ટાંચાં સાધનોથી પીડાય છે. તેથી અધ્યાપકોની નિમણૂકમાં ઘણી કરકસર કરવી પડતી હોય છે.

એક ત્રીજો માપદંડ અધ્યાપકો દ્વારા પ્રગટ થયેલાં સંશોધનો કેટલા પ્રમાણમાં ટાંકવામાં આવે છે તે છે. એ જાણીતી વાત છે કે દુનિયાના બહુમતી દેશોમાં જેને સંશોધન યુનિવર્સિટી કહી શકાય એવી યુનિવર્સિટીઓ અલ્પ છે. ભારતની વાત કરીએ તો ભારતની પરંપરા બહુશ્રુતતા અને જ્ઞાન ગાંઠે બાંધવાની, એટલે કે કંઠસ્થ કરવાની છે. આપણે ત્યાં સંશોધનની પરંપરા નથી. ગાંધીજીએ આયુર્વેદની બાબતમાં આ પ્રશ્ન પૂછ્યો હતોઃ આયુર્વેદમાં સંશોધનો થયાં છે કે નહીં ત્યારે તેમને જવાબ નકારમાં મળ્યો હતો. પ્રાચીન શાસ્ત્રોને આપણે પૂર્ણ માનીએ છીએ. તેથી તેને આપણે માત્ર સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. બીજી બાજુ ઈંગ્લેન્ડ, અમેરિકા વગેરે દેશોમાં સંશોધનની પરંપરા છે. તેથી આ માપદંડ પ્રમાણે આ દેશોની યુનિવર્સિટીઓને ઉચ્ચ ક્રમ મળે છે.

જગતની સર્વોત્તમ યુનિવર્સીટીઓમાં આપણી અલ્પ સંસ્થાઓ સ્થાન પામે છે. એનો અર્થ એવો નથી કે ભારતની શિક્ષણપ્રથા કેવળ વખોડવા જેવી છે. ભારતમાં આપણો એ અનુભવ છે કે વિકાસ પામેલાં જુદાં જુદાં ક્ષેત્રોમાં જરૂરી માનવસંસાધનો મળતાં રહ્યાં છે. એ માટે આપણે વિદેશો ઉપર આધાર રાખવો પડતો નથી. આમ વિકસતા ભારતની જરૂરિયાતો આપણી શિક્ષણપ્રથાએ સંતોષી છે. કેટલાક વિદ્યાર્થીઓ વિદેશમાં જઈને તાલીમ પામીને પાછા દેશમાં આવે છે. પણ એમની સંખ્યા બહુ ઓછી હોય છે. આમ આપણી વિવિધ કુશળતા ધરાવતા કાર્મિકોની જરૂરિયાત મહદ્અંશે આપણી શિક્ષણ પ્રથાએ સંતોષી છે.

આ રીતે યુનિવર્સિટીઓને જે ક્રમ આપવામાં આવે છે તેનો ઉદ્દેશ મુખ્યત્વે અનુસ્નાતક શિક્ષણ માટેની ઉત્તમ સંસ્થાઓ નક્કી કરી આપવાનો છે. એમાં સ્નાતક કક્ષાના શિક્ષણની કોઈ વાત નથી.



## ઉભરતી મહિલા સક્રિયતા / અશ્વિનકુમાર ન. કારીઆ

દિલ્હી હાઈકોર્ટે તાજેતરમાં, ગત વર્ષ દિલ્હી રમખાણો મુદ્દે એક વર્ષથી જેલમાં રહેલ ત્રણ આરોપીઓને જામીન પર મુક્ત કરવાનો કરેલ હુકમ આજકાલ ચર્ચામાં છે. અલબત્ત, દિલ્હી હાઈકોર્ટના આ હુકમ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ થયેલ હોવાથી તેના ગુણદોષની ચર્ચામાં આપણે નહીં ઊતરીએ. અહીં ધ્યાન દોરવાનો મુદ્દો એ છે કે ત્રણ આરોપીઓ પૈકી બે મહિલાઓ હતી. નતાશા નરવાલ અને દેવાંગના કલિંત. એક વર્ષ જેલની યાતના સહન કરીને તેમાંથી બહાર નીકળતી વખતે આ બંને મહિલાઓ આત્મવિશ્વાસથી મુઠ્ઠીવાળી સૂત્રો પોકારતી હતી. જેલવાસ દરમિયાન નતાશાને તેના બિમાર પિતાને મળવા જવાની છૂટ પણ અપાઈ ન હતી. પિતાનું મૃત્યુ થતાં પેરોલ પર ૮ દિવસ માટે મુક્ત કરવામાં આવી હતી. પેરોલ સમય પૂરો થતાં તિહાર જેલમાં પ્રવેશતી વખતે ફરી જુસ્સા સાથેનો તેનો ફોટો અખબારોમાં પ્રકાશિત તેમજ વાયરલ પણ થયો હતો.

રાજ્યની તાકાત સામે લોકશાહી રાજ્યમાં મહિલાઓની ઊભરી રહેલી આ શક્તિ અને તેમની હિંમત પ્રશંશનીય છે. લાંબા જેલવાસથી તેઓ જરા પણ હતોત્સાહ થયાં નથી. અમૂલ્ય લીઓના નામની એક મહિલાએ નાગરિકત્વસુધારાધારા સામે વિરોધની આગેવાની સંભાળી હતી. તેમની સામે રાજદ્રોહનો આરોપ લગાવાયો હતો. તેમણે ૩ માસ જેલવાસ વેઠ્યો. હજારો સ્ત્રીઓ આ વિરોધમાં દિવસો સુધી જોડાઈ હતી. સફોર ઝરગર નામની અન્ય એક મહિલાને પણ રાજદ્રોહના આરોપમાંથી દિલ્હી હાઈકોર્ટે મુક્ત જાહેર કરેલ છે. નવદીપ કૌર નામની એક દલિત મહિલાએ સિંઘુ બોર્ડર પર અનેક મહિલાઓ સાથે કૃષિકાયદાઓ સામે વિરોધી દેખાવો યોજ્યા છે.

આ મહિલાઓને કોઈ રાજકીય પીઠબળનો અભાવ છે. તેમાં કોઈ કૉલેજ-યુવતીઓ છે, કોઈ પર્યાવરણવાદી તો કોઈ ઘરરખ્ખુ મહિલાઓ છે. મતદાર અને ભારતના નાગરિક તરીકે તેમણે અવાજ ઉઠાવવાની કોશિશ કરી છે. રાજકીય પક્ષોએ મહિલાઓને રાજકીય પ્રતિનિધિત્વ આપવાને બદલે માત્ર કેટલાક ઘરગથ્થુ લાભો કે સબસિડી આપવાની પોતાના ચૂંટણી ઢંઢેરાઓમાં જાહેરાત કરી છે, કેન્દ્રિય સંસદ, પ્રધાનમંડળ કે રાજ્યોની ધારાસભા કે પ્રધાનમંડળમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ રહેલું છે. Me-too ચળવળ વખતે અનેક મહિલાઓએ પોતાની સાથેનાં પુરુષોનાં કારનામાં પ્રગટ કરવાની હિંમત દર્શાવી છે. ગત વર્ષે કોરોના મહામારીમાં શ્રેષ્ઠ કામગીરી બજાવનાર કેરળના તત્કાલીન આરોગ્યપ્રધાન કે. કે. શૈલજાને નવા પ્રધાનમંડળમાં સમાવિષ્ટ ન કરવાનું અને વિરોધ અવગણવાનું વલણ સમજની બહાર છે.

સંસદ અને રાજ્ય ધારાસભાઓમાં ૩૩% મહિલા અનામત ખરડા સંબંધમાં રાજકીય પક્ષો ભલે બહારથી સમર્થન જાહેર કરતા હોય, પરંતુ ખરડો સફળ ન થવા દેવા માટે તમામ રાજકીય પક્ષો અંદરખાને એકમત જણાય છે. રાજકીય પક્ષોનું આ વલણ હતોત્સાહ કરનારું છે. મહિલાઓના વલણમાં જોવા મળતી આ સક્રિયતા આવકારદાયક છે અને રાજકીય પક્ષોએ અન્યાય સામે જુસ્સાભેર લડી રહેલ આ મહિલાઓને સમર્થન આપવું જોઈએ.

## લઈ લો... લઈ લો... લક્ષદીપ લઈ લો / ભરત મહેતા

ગળામાં હોય એટલું જોર વાપરી, કચકચાવી, 'ભારતમાતાની જય' બોલતો ભાજપ કેન્દ્રમાં સત્તા મળ્યા પછી રોજબરોજ ભારતમાતાની લીલામી કરી રહ્યો છે. રોજ છાપું સવારે ઉઘાડીએ ને વાંચવા મળે કે આ વેચ્યું, પેલું વેચ્યું. ગુજરાતમાં ભૂજની હોસ્પિટલ, GMDCના કડી પાણીના પહાડ, આબાદ ડેરી વેચવાનો મહાવરો હતો તે કેન્દ્રમાં પહોંચતાં ખપ લાગ્યો છે. વળી, આ પક્ષની ખૂબી એ છે કે કોર્પોરેટ હિતો માટે કામ કરતી આ પાર્ટી પોતાની વેપારી પ્રવૃત્તિને ઢાંકવા, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની ભગવી ચૂંદડી ઉપરથી ઓઢાડે છે. હમણાં હવે લક્ષદીપના છત્રીસ રમણીય ટાપુ વેચવાનો સોદો થવાની ગંધ આવી રહી છે. લક્ષદીપના નવા વહીવટદાર પ્રફુલ્લભાઈ પટેલ ડિસેમ્બર-૨૦૨૦માં નિમાયા ને તાબડતોબ એપ્રિલમાં ચાર નવા કાયદાઓ લાવ્યા. કાયદાઓ દ્વારા લોકશાહીનું હનન થઈ રહ્યું છે તો બીજી તરફ કોર્પોરેટ માટે લાલ જાજમ બિછાવાઈ રહી છે.

આ લક્ષદીપની વસ્તી કેવળ સિત્તેર હજાર છે. માત્ર દસ ટાપુ પર જ લોકો રહે છે. વસ્તીવધારાનું પ્રમાણ અતિ ઓછું, ૧.૪% છે; ગુનાખોરીમાં દેશમાં અંતિમ ક્રમે છે. સ્ત્રીશિક્ષણનું પ્રમાણ ૯૬% છે! માછીમારી,નાળિયેરી અને દોરડાં બનાવવાનો વ્યવસાય કરે છે. ૯૩% મુસ્લિમબહુલ વસતિવાળું આ કેન્દ્રશાસિત સ્થળ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના આક્રમણ માટે સર્વોત્તમ સ્થળ છે. પ્રદૂષણ પણ નથી.

લક્ષદીપને સ્માર્ટ સિટી બનાવવા માટે વહીવટદાર તરીકે પ્રફુલ્લભાઈ પટેલને મૂકાયા છે. ગુજરાતના રાજનેતા, અમિત શાહે ગુજરાતમાં ગૃહમંત્રી પદ થોડો સમય છોડવું પડેલું ત્યારે ગૃહમંત્રાલય સંભાળનાર, પછી દીવ-દમણ દાદરાનગર હવેલીના વહીવટદાર. આજ લગી લક્ષદીપમાં IPS કે IAS અધિકારીને જ વહીવટીદાર તરીકે મૂકવામાં આવતા હતા, પહેલીવાર રાજનેતા– જે રાજનેતા પોતાના મૃત્યુ માટે જવાબદાર છે એવી ચિઠ્ઠી લખીને સાત વાર ધારાસભ્ય બનેલા મોહન ડેલકરે આત્મહત્યા કરી હતી એ પ્રફુલ્લભાઈ પટેલ.

લોકસભાની ચૂંટણીમાં સો સ્માર્ટ સિટી બનાવવાનો ઢંઢેરો પીટનાર ભાજપે એક પણ સ્માર્ટ સિટી બનાવ્યું નથી અને લક્ષદીપને હવે સ્માર્ટ સિટી બનાવવું છે. 'લક્ષદીપ વિકાસ અધિનિયમ-૨૦૨૧' ઘણાં સંદર્ભમાં વિશિષ્ટ છે. અહીં વિકાસનો બોજો-ખર્ચ- સ્થાનિક લોકોને માથે છે. વળી, ફરજિયાત વિકાસ જે કાંઈ સ્માર્ટ સિટીની વચ્ચે આવે એ દૂર કરો. વળી, વિરોધ ન થાય એ માટે 'એન્ટી ગુંડા એક્ટ' બનાવ્યો! ગુનાખોરીમાંય લક્ષદીપ ભારતમાં અંતિમ સ્થાને છે. યુપી, બિહારમાં સત્તાવાળી સરકાર અહીં, ગુનાખોરીનો કાયદો કેમ બનાવે છે? માત્ર લોકશાહી રીતે અમાનવીય, નિર્દય, મૂળવિહોણા વિકાસના વિરોધીઓને અટકાવવા જ. વળી આ કાયદા અનુસાર ધરપકડ પછી, કારણ આપ્યા વિના સીધા જેલમા એક વરસ માટે મૂકી શકાશે! UAPAની જેમ જ આ પણ લોકશાહીનું હનન છે! લક્ષદીપની અભિનેત્રી-દિગ્દર્શિકા આયેશા સુલતાનાએ જેવો વિરોધ કર્યો કે એના પર 'રાજદ્રોહ'નો કેસ જ દાખલ થયો!

કોર્પોરેટ માટે પડાવતી જગા માટે આખા દેશમાં બીજો ઊહાપોહ ન થાય એ માટે હિન્દુ-મુસ્લિમ ધ્રુવીકરણ થઈ શકે એવું વચ્ચે મૂકી દેવાનું આ પક્ષને ફાવે છે. તેથી સ્માર્ટ સિટી માટે લેવા દેવા ન હોય તેવા ફેરફારો પણ આ ચાર કાયદામાં છે.

ભાજપશાસિત ગોવા, મેઘાલય,ત્રિપુરા,આસામ,મેઘાલયમાં ગૌ-માંસ પ્રતિબંધ નથી. હમણાં જ આસામની ચૂંટણી વખતે રાડો પાડી પાડીને ગૌ-માંસ પર પ્રતિબંધ નહીં લગાવીએ એમ કહેનાર ભાજપે જ્યાં ૬૫% લોકો બીફ ખાય છે એ લક્ષદીપમાં ગૌ-માંસ પર પ્રતિબંધ મૂક્યો! એટલું જ આંગણવાડીઓ, શાળાઓમાં મધ્યાહન ભોજનમાં માંસાહાર બંધ! ગૌ-માંસનો કાયદો તોડનારને ૧૦ વર્ષની સજા, ૭૫ લાખ દંડ!

ગુજરાતમાંથી ગયેલા વહીવટદાર, વડાપ્રધાન પણ ગાંધીજીનો રેંટિયો કાંતનાર હોય એ લક્ષદીપમાં જઈને એક સુધારો એવો કરે છે કે શરમથી માથું ઝૂકી જાય. આઝાદી પછી આજ લગી લક્ષદીપમાં દારૂબંધી છે લાયસંસવાળા માટે ૩૬ માંથી એક દ્વીપના રિસોર્ટમાં પરવાનગી વાળી દુકાન છે. ત્યાંથી દારૂબંધી હટાવી દેવાઈ! અહીં જ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો ફુગ્ગો ફૂટી જાય છે. સહેલાણીઓ માટેનું સ્વર્ગ જો ખાનગી માલિકોના ચરણે ધરવું હોય તો દારૂ પરના પ્રતિબંધને હટાવીને જ ચિયર્સ કરી શકાય! હવે લક્ષદીપ દારૂબંધીમુક્ત!

આ દારૂબંધીનો પ્રતિબંધ હટાવવાથી જે ગુનાખોરીમાં અંતિમ રાજ્ય છે ત્યાં ગૂનાખોરી વધી પણ શકે, વળી, આ ભલે મુસ્લિમબહુલ પ્રદેશ હોય પણ એ ગણાય છે અનુસૂચિત જનજાતિ(S.T.) આખું રાજ્ય અહીં અનુસૂચિત જનજાતિ છે. એમની સાંસ્કૃતિક ભાતમાં પણ આ 'વિકાસ' ગોટાળો કરશે. લોકડાઉનની પ્રથમ લહેરમાં એક પણ કેસ ન હતો. ડિસેમ્બર, ૨૦માં પ્રફુલ્લભાઈ ના પગલાં થયાં ને પ્રવેશનારને ૧૪દિવસ કવોરંટાઈનના કાયદો દૂર કરાયો! જાન્યુઆરીથી જૂન'૨૧માં છ હજાર કેસ આવી ગયા! તેથી 'લક્ષદીપ બચાવો' આંદોલન શરૂ થયું છે. જે I.A.S. એ CAA સંદર્ભે રાજીનામું આપ્યું તે કન્નન ગોપીનાથે પ્રફુલ્લભાઇ પટેલ સાથે દાદરા નગર હવેલીમાં કામ કર્યું છે. એણે આ વિકાસની વાતો પોકળ છે તે જણાવ્યું છે. પંચાયતની ચૂંટણીના નિયમો પણ બદલ્યા છે. રહીસહી લોકશાહી છીનવશે. બે બાળકોથી વધુ બાળકોવાળા ચૂંટણી નહીં લડી શકે. આપણી સંસદમાં ૩૦૩ ભાજપ સાંસદોમાંથી ૯૬ સાંસદ બેથી વધુ બાળકો ધરાવે છે. પ્રફુલ્લભાઇ પટેલે જતાવેંત હંગામી સરકારી કર્મચારીઓને પણ દૂર કર્યા છે. તેથી ખાનગીકરણની શંકાને બળ મળે છે. એથી પ્રજામાં અસંતોષ થયો છે.

કોર્પોરેટ હિતને લક્ષમાં રાખી, ધાર્મિક લાગણી ભડકાવવી અને પોતાનો કક્કો ખરો કરવો એવી નીતિ ધરાવતી આ સરકાર છે એનું વધુ એક ઉદાહરણ લક્ષદીપમાં આવેલા કાયદાઓ પૂરું પાડે છે.

## તારે બોલવાનું છે / સંધ્યા ભટ્ટ

બદલવાને સમયનો સાર તારે બોલવાનું છે
સમય પોતે કરે પોકાર તારે બોલવાનું છે

થઈ રોગિષ્ટ માણસજાત આજે વાઇરસથી પણ
ન જાણ્યો રોગનો આકાર, તારે બોલવાનું છે

દવા, ઇંજેક્શનો ને હૉસ્પિટલની બોલબાલા વચ
કર્યો ના કારગત ઉપચાર ! તારે બોલવાનું છે

ઘણાંયે અંતરોને જાળવ્યાં ને ભીતરે બેઠાં
ભુલાયો બહારનો સંસાર ? તારે બોલવાનું છે

બધા આરોહ ને અવરોહની છે ચાલ અહીં જૂઠી
જો કરવો સત્યનો ટંકાર,તારે બોલવાનું છે

બધી સંવેદનાઓને ચડ્યો છે કાટ ત્યારે તું
વરસ અંતરથી અનરાધાર, તારે બોલવાનું છે

ચંદુ મહેરિયા

# ખેતપેદાશોના ટેકાના ભાવનું અર્થકારણ અને રાજકારણ

અગાઉ પ્રધાનમંત્રીએ પાર્લામેન્ટમાં ખેડૂતોને ખાતરી આપતાં કહ્યું હતું કે, ''એમએસપી થી, એમએસપી હૈ ઔર એમએસપી રહેગી''. વડાપ્રધાનની આ વાતનો પડઘો સરકારે તાજેતરમાં જાહેર કરેલી ખરીફપાકોની એમએસપી(મિનીમમ સપોર્ટ-પ્રાઇઝ)અર્થાત્ ચોમાસું ખેતપેદાશોના ટેકાના ભાવમાં જોવા મળે છે. છ મહિના કરતાં વધુ સમયથી રાજધાની દિલ્હીના સીમાડે ડેરાતંબુ તાણીને ચાલતા કિસાન-આંદોલનને સરકારનું આ પગલું 'જુમલાબાજી' લાગ્યું છે. તેને કારણે ખેતપેદાશોના ન્યૂનતમ સમર્થનમૂલ્યનો સવાલ ફરી એક વાર ચર્ચાની એરણે છે.

આઝાદી મળી ત્યારે દેશમાં અનાજની કારમી તંગી હતી. અનાજની આ અછત દૂર કરવા હરિયાળી ક્રાંતિમાં અનાજનું વિપુલ ઉત્પાદન કરવા ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું તેમાં એમએસપી કે ખેતઉપજના ટેકાના ભાવનાં મૂળ રહેલાં છે. લાલબહાદુર શાસ્ત્રીના પ્રધાનમંત્રીત્વકાળમાં અનાજની કિંમતો નક્કી કરવા ૧લી ઑગસ્ટ, ૧૯૬૪ના રોજ એલ.કે ઝા સમિતિની રચના કરવામાં આવી હતી. અનાજનું, ખાસ કરીને ઘઉં અને ચોખાનું ઉત્પાદન વધારવું, લોકોને સસ્તું અને જરૂરિયાત મુજબનું ખાદ્યાન્ન પૂરું પાડવું તથા ખેડૂતોને તેમની ઊપજના વાજબી ભાવ આપવા જેવા હેતુઓથી ટેકાના ભાવોની યોજના શરૂ કરવામાં આવી હતી. ખેડૂતો ખેતીને લગતી આધુનિક ટેક્નિક અને સારાં બીજ અપનાવી અનાજનું ઉત્પાદન વધારે તથા તેમની સામાજિક-આર્થિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને ન્યૂનતમ સમર્થનમૂલ્યથી સરકાર ખરીદી કરે છે. ખેતપેદાશોની સરકારી ખરીદીના ટેકાના ભાવ રવિ અને ખરીફ-મોસમના આરંભે જ જાહેર કરવામાં આવે છે. આ એમએસપીને કારણે ખેડૂતોને બજારમાં ભાવો ઘટે તોપણ કમ સે કમ સરકારે જાહેર કરેલા ભાવો તો મળે જ છે.

ભારતસરકારના કૃષિમંત્રાલય હેઠળ કાર્યરત, જાન્યુઆરી, ૧૯૬૫માં સ્થાપિત, ઍગ્રિકલ્ચરલ પ્રાઈસીઝ કમિશન, જે હવે કમિશન ફૉર ઍગ્રિકલ્ચરલ કૉસ્ટ ઍન્ડ પ્રાઈસીઝ (સીએસીપી) તરીકે ઓળખાય છે, તે ખેત ઊપજની માંગ અને પુરવઠો, ખેડૂતનાં ઉત્પાદનખર્ચ, સ્થાનિક બજારમાં કિંમત, ગ્રાહકો પર અસર, બીજી ઊપજના ભાવ, સંગ્રહણની વ્યવસ્થા અને કર જેવી બાબતોને ધ્યાનમાં રાખીને ઉનાળું અને ચોમાસું પાકની વાવણીપૂર્વે ખેતઊપજોનું ન્યૂનતમ સમર્થનમૂલ્ય નક્કી કરે છે. ૧૯૬૬-૬૭માં સૌપ્રથમ ઘઉંના ટેકાના ભાવો આપવામાં આવ્યા હતા. હાલમાં ૭ ધાન્ય, ૭ તેલીબિયાં, ૫ કઠોળ અને ૪ રોકડિયા પાકો મળી કુલ ૨૩ ખેતપેદાશોની એમએસપી જાહેર કરવામાં આવે છે. ગયા વરસથી દેશમાં સૌપ્રથમ વખત કેરળ સરકારે ૧૬ શાકભાજીનું ન્યૂનતમ સમર્થનમૂલ્ય જાહેર કર્યું છે.

ખેડૂતોને બીજ, ખાતર, સિંચાઈ માટે થતો રોકડ ખર્ચ ઉપરાંત તેના કુટુંબની ખેતી માટેની મહેનતનું મૂલ્ય પણ એમએસપીની ગણતરીમાં લેવાય છે. ૨૦૦૪ના સ્વામિનાથન આયોગે ખેડૂતના સરેરાશ ઉત્પાદનખર્ચમાં બીજી ૫૦ ટકા રકમ ઉમેરી દોઢી એમએસપી નક્કી કરવા ભલામણ કરી હતી. બીજેપીએ ૨૦૧૪માં સ્વામિનાથન આયોગના અમલનું વચન આપ્યું હતું. પણ તેનો અંશતઃ અમલ ૨૦૧૮-૧૯માં કર્યો હતો. સરકારનો દાવો છે કે તે હાલમાં જે એમએસપી જાહેર કરે છે, તે ખેડૂતના ખર્ચ કરતાં દોઢ ગણી હોય છે. જોકે સ્વામીનાથન આયોગે ખેડૂતની જમીનનું ભાડું અને ખેતી માટેની તેની મૂડી પરનું વ્યાજ પણ એમએસપીની ગણતરીમાં લેવા સૂચવ્યું હતું, પણ સરકારે હજુ તેનો અમલ કર્યો નથી..

આશરે ૨૦૦ દિવસોથી ચાલતા કિસાન-આંદોલનની માંગણી ત્રણ કૃષિકાયદા રદ કરવાની અને એમએસપીને કાયદેસર બનાવવાની છે. ન્યૂનતન સમર્થનમૂલ્યથી ઓછી કીંમતે ખાનગી વેપારી પણ ખેડૂતો પાસેથી ખેતપેદાશ ખરીદી શકે નહીં, તેવો કાયદો ઘડવાની કિસાન આંદોલનની માંગ ન્યાયસંગત છે ? શું સરકાર એમએસપી નાબૂદ કરી દેશે ? શું એમએસપી કાળગ્રસ્ત થઈ છે ? એમએસપીનો લાભ તમામ ખેડૂતોના બદલે થોડા મોટા ધનિકવર્ગના ખેડૂતોને જ મળે છે ? એમએસપી સરકાર કે ખેડૂતો પૈકી કોના માટે ખોટનો ધંધો છે, જેવા સવાલો ચર્ચાય તો જ તેનું રાજકારણ, સમાજકારણ અને અર્થકારણ સમજી શકાય.

શાંતાકુમાર સમિતિ અને નીતિઆયોગે ન્યૂનતમ સમર્થનમૂલ્યથી ખેતઊપજોની થતી સરકારી ખરીદી ઘટાડવાની ભલામણ કરી છે. નવા કૃષિકાયદાઓમાં હાલની ખેતઉત્પન બજારસમિતિઓ (એપીએમસી) ઉપરાંત ખાનગી વેપારની છૂટ આપી છે, તેથી સરકાર ક્રમશઃ એપીએમસી અને એમએસપી બંધ કરશે, તેવો ખેડૂતોને વાજબી ડર છે. કૃષિઊપજ વધારવામાં અને ખેડૂતોને ઊપજના યોગ્ય ભાવ આપી તેમની આવક સુનિશ્ચિત કરવામાં ન્યૂનતમ સમર્થન મૂલ્યનું મહત્ત્વનું યોગદાન રહેલું છે. સરકાર ૨૩ ખેતપેદાશોનું ન્યૂનતમ સમર્થનમૂલ્ય જાહેર કરે છે. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગરીબોને સસ્તા ભાવે રાશન આપવા ટેકાના ભાવે સરકાર ખરીદી કરતી હોય છે. જોકે પીડીએસમાં ગરીબોને મુખ્યત્વે ઘઉં અને ચોખા જ આપવામાં આવતા હોય છે. એટલે ખરીદી ત્રેવીસ ખેતઊપજોની નહીં, બે-પાંચની જ થાય છે.દેશમાં દોઢસો જેટલા પાક લેવાય, તેના છઠા ભાગના પાકના ટેકાના ભાવ જાહેર કરાય છે અને તેમાંથી માંડ પાંચમા ભાગની ખેતઊપજની સરકારી ખરીદી થતી હોય છે, તેથી એમએસપીનો લાભ ખેડૂતોના સીમિતવર્ગને મળે છે.

એમએસપીથી દેશના તમામ ખેડૂતોની, તમામ પ્રકારની અને સંપૂર્ણ ખેતઊપજની ખરીદી થતી નથી. બધા જ અભ્યાસો દેશના ૬ થી ૨૦ ટકા ખેડૂતોને જ એમએસપીનો લાભ મળતો હોવાનું જણાવે છે. દેશનાં તમામ રાજ્યોના ખેડૂતોને નહીં, પણ દસેક રાજ્યોના ખેડૂતોની, ઘઉં-ચોખાના પાક માટે જ એમએસપીથી ખરીદી થાય છે. એમએસપીને કારણે દેશ અનાજની બાબતમાં આત્મનિર્ભર બની શક્યો છે અને અનાજના વિપુલ ભંડારો ભરેલા છે, તે હકીકત છે. પરંતુ ઉદારીકરણ અને ખાનગીકરણને કારણે લોકશાહી સરકાર તેના કલ્યાણરાજ્યના આદર્શને ફગાવી રહી છે. ભ્રષ્ટાચાર-નાબૂદીના નામે સબસિડી સીધી લાભાર્થીના બૅન્કએકાઉન્ટમાં જમા કરાવવાનું વલણ લઈ રહી છે. એટલે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે જાહેર વિતરણવ્યવસ્થા હેઠળના અનાજની સરકારી ખરીદી પણ શંકાના દાયરામાં હોવી સ્વાભાવિક છે.

ભારતના અર્થતંત્રનાં મોટા ભાગનાં ક્ષેત્રોની વૃદ્ધિ કોરોના મહામારીને કારણે ધીમી છે, પરંતુ ખેતીક્ષેત્રની વૃદ્ધિ જોરમાં છે. છેલ્લાં પાંચ વરસોની તુલનાએ ૨૦૨૦-૨૧માં ખાદ્યાન્નનું ઉત્પાદન ૨.૭ કરોડ ટન વધારે છે. સિંચાઈ પર આધારિત ઘઉં-ચોખા જ નહીં, વરસાદી ખેતીથી પાકતા જુવાર-બાજરાનું ઉત્પાદન પણ વધ્યું છે. કૃષિનિકાસમાં ૧૮ ટકાની વૃદ્ધિ થઈ છે.આખી દુનિયાને એક વરસ ચાલે તેટલો, ૨૮૦ લાખ ટન, ચોખાનો બફરસ્ટૉક ૨૦૨૦ની ખરીફ મોસમપૂર્વે દેશમાં હતો. અનાજની

બાબતમાં જો દેશ આટલો બધો આત્મનિર્ભર હોય, તો એમએસપીનો મૂળ હેતુ પૂર્ણ થયેલ છે, તેથી તેના ટેકાના ભાવ આપવામાં અર્થકારણ ઓછું અને રાજકારણ વધુ છે તેવી દલીલ થાય છે.

ન્યૂનતમ સમર્થનમૂલ્યના રાજકારણનું શ્રેષ્ઠ ઉદાહરણ પંજાબના ખેડૂતો છે. પંજાબમાં હરિતક્રાંતિને કારણે ઘઉં-ચોખાનું વિપુલ ઉત્પાદન થયું. પણ હવે તેનાં વળતાં પાણી છે. ૧૯૬૦-૬૧માં પંજાબમાં ૧૪ લાખ હૅક્ટરમાં ઘઉં અને ૨.૨૭ લાખ હૅક્ટરમાં ચોખાની ખેતી થતી હતી. સાઠ વરસો બાદ, ૨૦૧૯-૨૦માં, તે વધીને અનુક્રમે ૩૫.૦૮ અને ૨૯.૨૦ લાખ હૅક્ટર થઈ છે. પરંતુ પાણીના બેફામ ઉપયોગ અને એકધારા પાકની ખેતીથી હવે પંજાબનો કૃષિદર ઘટીને ૫.૭ ટકાથી ૧.૬ ટકા જ થયો છે. એમએસપીને કારણે કૃષિપાકોની વિવિધતા ઘટી છે, તે પણ સૌથી મોટો ગેરલાભ છે.

છઠ્ઠી જૂન, ૨૦૨૧ સુધી એમએસપીથી ૪૧૮.૪૭ લાખ મૅટ્રિક ટન ઘઉંની સરકારી ખરીદી થઈ છે. ગયા વરસની ૩૭૨.૨૨ લાખ મૅટ્રિકટનની તુલનાએ તે આશરે ૧૨ ટકા વધુ છે. ૨૦૧૯-૨૦માં સરકારે એમએસપીથી રૂ. ૬૦,૦૩૮.૬૮ કરોડ ખર્ચીને ૨૯.૭૦ લાખ ખેડૂતો પાસેથી અનાજ ખરીદ્યું હતું. જોકે હજુ પણ અનાજની ખરીદીમાં પંજાબ, મધ્યપ્રદેશ, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન એ પાંચ રાજ્યો જ મોખરે હોય છે. ગુજરાતમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી થાય છે, પરંતુ તે કુલ ઉત્પાદનના ૧૦ થી ૨૦ ટકા જ હોય છે. ૨૦૧૯-૨૦માં રાજ્યમાં પાકેલી કુલ મગફળીમાંથી ૧૦.૭૮ ટકાની જ એમએસપીથી સરકારી ખરીદી થઈ હતી.

મોટા ભાગના ખેડૂતોને એમએસપીથી ઓછા ભાવે ખાનગી વેપારીઓને ખુલ્લાબજારમાં પોતાની ખેતપેદાશો વેચવી પડે છે. મધ્યપ્રદેશસરકારે ટેકાના ભાવ અને ખેડૂતને ઓછા મળેલા ભાવનો તફાવત ચૂકવવા 'ભાવાંતર ભુગતાનયોજના' અમલી કરી છે. કેન્દ્રસરકાર 'કિસાન સન્માનનિધિ યોજના' હેઠળ ખેડૂતના ખાતામાં ચોક્કસ રકમ જમા કરે છે, પરંતુ તેમ છતાં ખેડૂતને ઊપજના વળતરદાયક ભાવ મળતા ન હોવાની ફરિયાદ ઊકલતી નથી. 'પરથમીનો પોઠી' કે 'અન્નદાતા' ગણાતો ખેડૂત તેની મહેનતનું યોગ્ય વળતર પણ ન મેળવી શકે તે સ્થિતિ તાકીદે ઉકેલ માંગે છે. જો સરકાર એમએસપીનો વ્યાપક ઉપયોગ કરે, તેને કાયદેસરતા બક્ષે અને પાક વીમાનો યોગ્ય અમલ કરે, તો કદાચ ખેડૂતનું દુઃખ થોડું હળવું થઈ શકે.

maheriyachandu@gmail.com

## લવજેહાદ, કાયદો અને મહિલાસ્વાતંત્ર્ય

ગુજરાત વિધાનસભાના બજેટસત્રમાં પસાર કરાયેલા, રાજકીય રીતે લવજેહાદ વિરોધી કાયદા તરીકે પ્રચારિત, 'ગુજરાત ધર્મસ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, ૨૦૨૧'ને રાજ્યપાલની મંજૂરી મળી ગઈ છે. સરકારે નિયમો ઘડી આ કાયદાનો ૧૬મી જૂન, ૨૦૨૧થી અમલ પણ શરૂ કરી દીધો છે. અગાઉ ભારતીય જનતાપક્ષ શાસિત ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, હરિયાણા, કર્ણાટક, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડમાં લવજેહાદ વિરોધી કાયદા ઘડાયા હતા. હવે ગુજરાત પણ તેમની પંગતમાં આવી ગયું છે. આ કાયદા મુજબ ૨૦૦૩ના ગુજરાત ધર્મસ્વાતંત્ર્ય અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવ્યા છે. મહિલાઓને બળજબરીથી, ફોસલાવીને કે કપટથી લગ્ન કરવાનો અસલી મકસદ ધર્મપરિવર્તનનો હોય, તો તેને ગુનો ગણી ત્રણથી દસ વરસની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભામાં થયેલી ચર્ચાઓ અને હિંદુત્વબળોની લવજેહાદ વિરોધી ઝુંબેશ પરથી સમજાય છે કે મુસ્લિમ પુરુષો દ્વારા બિનમુસ્લિમ સ્ત્રીઓને પ્રેમ અને લગ્નના નામે ફસાવી તેમનું ધર્માંતર કરાવવામાં આવી રહ્યાનું, તે માટેના સામૂહિક પ્રયાસો કે ષડ્યંત્રો થતાં હોવા જેવી બાબતોની જોગવાઈ ધરાવતા આ કાયદા પાછળ મૂળે રાજકીય હેતુ છે.

એકાદ દાયકાથી કેરળ, તટીય કર્ણાટક, પશ્ચિમી ઉત્તરપ્રદેશ ઉપરાંત કેટલાંક બીજેપીશાસિત રાજ્યોમાં લવજેહાદની બુમરાણ જોવા મળે છે. કર્ણાટકના રામસેનાના નેતા અને 'લવજેહાદ : રેડ ઍલર્ટ ફૉર હિંદુ ગર્લ્સ'ના લેખક પ્રમોદ મુત્તાલિકે ૨૦૦૯માં સૌપ્રથમ વાર લવજેહાદ શબ્દ પ્રયોજ્યો હોવાનું ઇતિહાસકાર ચારુ ગુપ્તાએ 'મિથ ઑફ લવજેહાદ' પુસ્તકમાં નોંધ્યું છે. અન્ય અભ્યાસીઓ કેરળમાં ખ્રિસ્તી ચર્ચે આ શબ્દ પ્રથમ વાર પ્રયોજ્યો હોવાનું જણાવે છે. જોકે હવે લવજેહાદનો મુદ્દો સાંપ્રદાયિક રાજકીય એજન્ડા અને મતોની ફસલ લણી આપનાર બની ગયો છે. તેથી જ પચીસ વરસથી જ્યાં ભાજપાનું શાસન તપે છે, તે ગુજરાતમાં પણ આવો કાયદો ઘડવો તે દીર્ઘ રાજવટની નિષ્ફળતા અને નાલેશી ગણાય, તે વાતની લગીરે ફિકર વિના લવજેહાદ વિરોધી કાયદો ઘડાયો છે.

લવજેહાદ વિરોધી વર્તમાન કાયદા અને અભિયાનને અદાલતોનું પણ પીઠબળ મળ્યું હતું. ૨૦૧૭માં ઉત્તરાખંડની વડી અદાલતે લગ્ન માટે ધર્મપરિવર્તનને અટકાવવાનો કાયદો ઘડવા રાજ્યસરકારને સૂચન કર્યું હતું. અલ્હાબાદ હાઈકોર્ટના સિંગલ જજની એક બૅન્ચે ૨૦૧૪માં મુસ્લિમ યુવાનો સાથે લગ્ન કરવાને લીધે અસલામતી અનુભવતી પાંચ હિંદુ યુવતીઓની પોલીસરક્ષણની માંગ નકારી હતી. અદાલતે તેના ચુકાદામાં માત્ર લગ્નના હેતુ માટે કરવામાં આવતા ધર્મપરિવર્તનને અસ્વીકાર્ય ગણ્યું હતું. આસ્થા અને વિશ્વાસમાં વાસ્તવિક પરિવર્તન સિવાયના ધર્મપરિવર્તનને અદાલતે અમાન્ય ઠેરવ્યું હતું. ૨૦૦૯માં કેરળ હાઈકોર્ટને લવજેહાદના આરોપોમાં તથ્ય જણાયું હતું.

કર્ણાટક હાઈકોર્ટની ડિવિઝન બૅન્ચે તો ૨૦૦૨થી ૨૦૦૯ દરમિયાન રાજ્યભરમાંથી ગૂમ થયેલી ૨૧,૮૯૦ છોકરીઓના કેસો લવજેહાદની શંકાવાળા ગણી તેની તપાસ સીઆઈડી ને સોંપી હતી. જોકે ગૂમ થયેલી છોકરીઓમાંથી ૨૨૯નાં જ આંતરધાર્મિક લગ્નો થયાં હતાં અને તેમાંથી માત્ર ત્રેસઠે જ ધર્મપરિવર્તન કર્યાનું સીઆઈડી તપાસમાં ખૂલ્યું હતું. વળી, આ તપાસમાં પોલીસને લગ્નના બહાને ધર્મપરિવર્તનનો કોઈ સામુહિક પ્રયાસ કે ષડયંત્ર ન જણાતાં ૨૦૧૩માં અદાલતે આ કેસનો વીંટો વાળી દીધો હતો.

સુપ્રીમ કોર્ટે પણ લવજેહાદના આરોપોની તપાસ નૅશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી(એનઆઈએ) ને સોંપી હતી. તે પછી સર્વોચ્ચ અદાલતે કેરળના હાદિયા કેસમાં લવજેહાદના આરોપો નકાર્યા હતા અને ધર્મપરિવર્તન મંજૂર રાખ્યું હતું. સુપ્રીમ કોર્ટે અને અલ્હાબાદ હાઈકોર્ટે તાજેતરના ચુકાદાઓમાં પુખ્ત ઉંમરની કોઈ પણ વ્યક્તિને ધર્મ કે જ્ઞાતિના બાધ સિવાય પોતાની પસંદગીના પાત્ર સાથે લગ્નનો અધિકાર હોવાનું

અને આવો અધિકાર બંધારણના અનુચ્છેદ ૨૧નું અભિન્ન અંગ હોવાનું જણાવવામાં આવ્યું છે.

વર્તમાન લોકસભામાં કેન્દ્રિય ગૃહ રાજયમંત્રી કિશન રેડ્ડીએ કૉંગ્રેસના કેરળના સાંસદ બેન્ની બેહનાનના લોકસભા-પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે લવજેહાદ જેવો કોઈ શબ્દ કાયદામાં પરિભાષિત નથી. કેન્દ્રિય તપાસ સંસ્થાઓની તપાસના આધારે તેમણે જણાવ્યું હતું કે લવજેહાદનો કોઈ મામલો કેન્દ્રસરકારની જાણમાં નથી. સરકારી સંસ્થા 'ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર પોપ્યુલેશન સાયન્સિઝ'નો ૨૦૧૩નો સર્વે ભારતમાં આંતરધાર્મિક લગ્નો બહોળા પ્રમાણમાં થતાં હોવાના આરોપોનો છેદ ઉડાડે છે. આ અભ્યાસમાં જણાયું છે કે ૧૫થી ૪૯ વરસની વિવાહિત મહિલાઓમાંથી માત્ર ૨.૨૧ ટકાએ જ ધર્મબહાર લગ્નો કર્યાં છે. શહેરોમાં આંતરધાર્મિક લગ્નોનું પ્રમાણ ૨.૯ ટકા અને ગામડાંઓમાં ૧.૮ ટકા જ છે. સૌથી વધુ ૩.૫ ટકા આંતરધાર્મિક લગ્નો ખ્રિસ્તી મહિલાઓ કરે છે. તે પછીના ક્રમે શીખ ૩.૨ ટકા અને હિંદુ ૧.૫ ટકા છે. માત્ર ૦.૬ ટકા મુસ્લિમ મહિલાઓ જ ધર્મબહાર લગ્ન કરે છે. જે બીજેપી રાજ્યોમાં લવજેહાદની ઝુંબેશો ચાલે છે ત્યાં આંતરધાર્મિક લગ્નોનું પ્રમાણ ઘણું ઓછું છે. દેશમાં સૌથી વધુ ૭.૮ ટકા આંતરધાર્મિક લગ્નો પંજાબમાં થાય છે. પંજાબની શીખ-હિંદુ લગ્નપરંપરાનું આ પરિણામ છે. તે પછીના ક્રમે ઝારખંડમાં ૫.૭ અને આંધ્રમાં ૪.૯ ટકા મહિલાઓ આંતરધાર્મિક લગ્નો કરે છે.

રાજયોના લવજેહાદ વિરોધી કાયદા અને જમણેરી બળોનું મહિલાવિરોધી અભિયાન પણ છે. તે મહિલાઓની વ્યક્તિગત અને સંસ્થાગત સ્વતંત્રતાને તો અવરોધે જ છે, પ્રેમના દાયરાને પણ સાંકડો કરે છે. લવજેહાદ શબ્દ જ પરસ્પર વિરોધી છે. બે જુદા-જુદા ધર્મોની વ્યક્તિઓ લગ્ન કરે, તો તેમને સાંકળતી સમાન બાબત પ્રેમ હોય કે ધર્મ? મહિલાઓને નાદાન, નબળી અને અણસમજુ સમજીને તેને કસાઈઓના હાથમાં જતી બચાવવાનો દાવો કરનારા ખરેખર તો તેમને વસ્તુ કે ચીજ ગણે છે.શાયદ એટલે જ સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જસ્ટિસ મદન લોકુર આવા કાયદાઓને લોકશાહી સરકારોનું ખાપપંચાયત કે જાતિપંચાયત જેવું વલણ ગણે છે. નિવૃત્ત ન્યાયાધીશ એ. પી. શાહના મતે મહિલાઓની સ્વતંત્રતા પિતૃસત્તા અને પુરુષોને ડરાવે છે. લવજેહાદના કાયદા જાણે કે મહિલાઓ પોતાનું સારુંનરસું જાતે વિચારી શકતી નથી તેમ ઠસાવી તેમની સ્વતંત્ર ઓળખ પર પ્રહાર કરે છે.

૧૯૫૪નો સ્પેશિયલ મૅરેજઍક્ટ અલગ-અલગ ધર્મોમાં માનતાં યુગલોને તેમની ધાર્મિક માન્યતા અકબંધ રાખીને લગ્નની અનુમતિ આપે છે. ઇન્ડિયન પિનલકોડની ઘણી જોગવાઈઓ હેઠળ બળજબરી, લોભ, લાલચ કે છેતરપિંડીથી થતાં લગ્નો સામે મહિલાને પર્યાપ્ત કાનૂની રક્ષણ મળેલું છે. એ સંજોગોમાં લવજેહાદ વિરોધી અલગ કાયદાઓમાં રાજકીય હેતુની બૂ આવવી સ્વાભાવિક છે.જુદા ધર્મ કે જ્ઞાતિના કે એક જ ધર્મ કે જ્ઞાતિના પણ વડીલોની સંમતિ વિના પ્રેમલગ્ન કર્યા બાદ અસલામતી અનુભવતા અને પોલીસ તંત્ર સમક્ષ રક્ષણની માંગમાં નિષ્ફળ રહેતાં અનેક યુગલો હાઈકોર્ટમાં પોલીસરક્ષણ માટે ધા નાંખે છે. ગુજરાત હાઈકોર્ટનાં જસ્ટિસ સોનિયાબહેન ગોકાણીએ એપ્રિલ, ૨૦૧૯માં આવા કેસો અંગેના ચુકાદામાં ગુજરાતસરકારને સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ સિંગલ વિન્ડોસિસ્ટમ ઊભી કરી તેમની ફરિયાદોનો નિકાલ કરવા આદેશ કર્યો હતો.પરંતુ ગુજરાતસરકાર પ્રેમલગ્નોને કારણે પોલીસરક્ષણ માંગતાં યુગલોને તુરત રક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવાને બદલે ભર કોરોને લવજેહાદ વિરોધી કાયદો લઈ આવી છે !

ભારતમાં અલ્પ છતાં આંતરધાર્મિક લગ્નોની એક દીર્ઘ પરંપરા છે. તે દેશના બિનસાંપ્રદાયિક પોતને મજબૂત કરે છે અને ધાર્મિક-સાંસ્કૃતિક વિવિધતા છતાં દેશની એકતાનાં દર્શન કરાવે છે. મહિલાસ્વાતંત્ર્યને અવરોધતા લવજેહાદ જેવાં અભિયાનોને બદલે આંતરધાર્મિક અને આંતરજ્ઞાતીય લગ્નોનું પ્રમાણ વધે, તો દેશ ખરા અર્થમાં સમરસ બની શકશે.

maheriyachandu@gmail.com



# ગુજરાતી પત્રકારત્વની દ્વિશતાબ્દીઃ મહત્તા અને મૂલ્યાંકનનું ટાણું

જુલાઇ ૧, ૧૮૨૨ના રોજ મુંબઈથી સાપ્તાહિક 'શ્રી મુમબઈનાં શમાચાર'નો પહેલો અંક પ્રગટ થયો. તે સાથે ગુજરાતી ભાષામાં પત્રકારત્વનો આરંભ થયો. માલિક-તંત્રી હતા ફરદુનજી મર્ઝબાન. ત્યાર પહેલાં ગુજરાતીમાં પુસ્તકો અને ચોપાનિયાં (પેમ્ફલેટ)નું પ્રકાશન શરૂ થઈ ચૂક્યું હતું. પરંતુ ફરદુનજીએ જેને 'અઠવાડીઆનું નીઉજપેપર'તરીકે ઓળખાવ્યું હતું, તે આ પહેલું.

જુલાઇ ૧, ૨૦૨૧ના રોજ ગુજરાતી પત્રકારત્વ ૨૦૦મા વર્ષમાં પ્રવેશ કરશે. આ પ્રસંગ બહુ મોટો અને ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં વધુ એક સીમાચિહ્નરૂપ છે. તે ગુજરાતી પત્રકારત્વની મહિમા-કથાઓ ઉપરાંત મૂલ્યાંકનનો મોકો પણ પૂરો પાડે છે. ગુજરાતી પત્રકારત્વના ૨૦૦મા વર્ષની ઉજવણી સંસ્થાઓ તેમ જ વ્યક્તિઓ પોતપોતાનાં સમજ-શક્તિ-વૃત્તિ પ્રમાણે કરશે. ગુજરાતી પત્રકારત્વના વિદ્યાર્થી અને પ્રેમી તરીકે અમે પણ આ પ્રસંગે સમજ-શક્તિ-સમય પ્રમાણે,આખા વર્ષ દરમિયાન લેખન-દસ્તાવેજીકરણ-મૂલ્યાંકન સહિતનાં નક્કર ઉપક્રમો હાથ ધરવા ધારીએ છીએ. આ પ્રયાસો અત્યારે કોઈ ઔપચારિક માળખામાં બંધાયેલા નથી. ભવિષ્યમાં એ દિશામાં જરૂર ઊભી થાય તો કેવળ પ્રાથમિક જરૂરિયાત પૂરતું જ એવું માળખું કરી શકાય. મહત્ત્વ માળખાનું નહીં, સમરસિયાઓ દ્વારા એકબીજાની મદદથી અને વ્યક્તિગત ધક્કાથી થનારા કામનું છે.

અત્યારે ઘણાં કામ મનમાં છે, પરંતુ સમય-સંજોગોની, આર્થિક અને કામ કરવા માટે ઉત્સુક વ્યક્તિઓની મર્યાદાને કારણે તેમાંથી કેટલાં પાર પડી શકશે, એ કહેવું અઘરું છે. હાલ એટલું જ કહી શકાય કે વર્ષના અંતે ગુજરાતી પત્રકારત્વના ૨૦૦ વર્ષની તવારીખમાં અમારા તરફથી નાનો કે મોટો, એવો ઉમેરો અવશ્ય થશે, જે ભવિષ્યમાં ઉપયોગી થઈ પડે અને કાયમી સંદર્ભરૂપ બની રહે.

ઉર્વીશ કોઠારી-uakothari@gmail.com

ચંદુ મહેરિયા - maheriyachandu@gmail.con

અશ્વિનકુમાર- ashwinkumar.phd@gmail.com

## રસીકરણ વિશે / જાગૃત ગાડીત

ડૉ. દુર્ગેશ મોદીનો રસીકરણ વિશેના લેખનો પ્રતિભાવ વાંચ્યો. મેડિકલ વિજ્ઞાનના ઘણા મૂળભૂત ખ્યાલો 'નિરીક્ષક'ના જનરલ (non-specialized) વાચક માટે સરળ ભાષામાં અત્યંત ટૂંકાણમાં લખવાથી કોઈ વિશેષજ્ઞને તે વાંચતા 'અપૂરતી સમજ'ની છાપ પડે, તો તે આવા લખાણની સ્વાભાવિક મર્યાદા છે. મર્યાદા ફક્ત રજૂઆતની છે, સમજની નહીં, તેની હું ખાતરી આપું છું.

રસીકરણના લેખનો મુખ્ય મુદ્દો આપણી ઇમ્યુનિટીને ઊંડે પ્રસ્થાપિત બુદ્ધિ (embedded intelligence) તરીકે સમજવાનો છે. આપણે જેને સભાનપણે બુદ્ધિ તરીકે ઓળખીએ છીએ, તેના કરતાં આ ઉત્ક્રાંતિથી પ્રસ્થાપિત બુદ્ધિ ઘણી વધુ વ્યાપક અને ગહન છે. આવી ઊંડી બુદ્ધિને રસીકરણ કેવી તાલીમ આપે છે, એ લેખનો મુદ્દો છે.

રસીકરણ તાલીમ છે, માટે એને શિક્ષણપદ્ધતિ સાથે ખાસ સરખાવી શકાય. શિક્ષણના ક્ષેત્રમાં શિખવાડવા (Teaching) કરતાં શીખવા (Learning) પર ભાર આપતી પદ્ધતિ ઘણી ચડિયાતી ગણાય છે. પ્રસંગોપાત્ત લાગતા ચેપ આપણી ઇમ્યુનિટીની અચાનક પરીક્ષા (surprise test) લઈ તેનો યોગ્ય પ્રતિભાવ જાતે શીખવાની (Learning) તક આપે છે. રસીકરણ શિખવાડવાની (Teaching) પદ્ધતિ છે. અસલી પરીક્ષાને બાયપાસ કરી ખાલી મૉક ટેસ્ટ આપવામાં જાતે શીખવાની શક્તિ ઘટતી જાય છે.

જો કોઈ કહે કે આપણી સભાન બુદ્ધિને કોઈ ઇન્જેક્શન આપીને ખીલવી શકાય, તો આપણે તરત જ એને હસી કાઢીશું. પણ ઇન્જેક્શન (રસી) વડે અનેક ગણી વધુ ગહન અને સંવેદનશીલ પ્રસ્થાપિત બુદ્ધિને ખીલવવા લાઇન લગાવીએ છીએ! રસીકરણ આપણી અત્યંત બુદ્ધિમંત ઇમ્યુનિટી પાસે ગોખણપટ્ટી કરાવે છે, જે તેને કુંઠિત જ કરી શકે.

બીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે ઇમ્યુનિટીને થતું નુકસાન જેનેટિક કોડમાં અંકિત થાય છે, માટે વ્યક્તિના ક્રોનિક સ્વાસ્થ્યને જોખમાવે છે. આ અસર cumulative છે. બાળકો અને યુવાનોનું રસીકરણ પેઢી-દર-પેઢી નુકસાનનો સરવાળો કરતું જાય છે. મેડિકલ વિજ્ઞાનમાં epidemiology મુખ્યત્વે ચેપીરોગો અને રોગચાળા પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. આ epidemiology of the chronicની વાત છે.

આ રોગચાળામાં રસીકરણથી ક્રોનિક સ્વાસ્થ્ય પર થતી અસરનો અભ્યાસ કરવાની એક તક મળી છે. ઘણાં બાળકો કોવિડનો ચેપ લાગ્યા બાદ સામાન્ય લક્ષણો સાથે સારાં થઇ ગયાં, પણ એમાંનાં અમુકને MIS-C (Multisystem Inflammatory Syndrome in Children) જેવી ખતરનાક અને જીવલેણ પરિસ્થિતિ પેદા થઈ. MIS-C જવલ્લે જ બનતી પરિસ્થિતિ છે, પણ કોવિડ રોગચાળામાં તેમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ બાળકોમાં કોવિડ હળવા સ્વરૂપે જ રહ્યો, પણ તે પછીની પરિસ્થિતિ જોખમકારક બની. કોઈ કેસમાં કોવિડચેપ દરમિયાન જ આવું બન્યું.

હાઇપોથિસિસ એ છે કે જે બાળકોનું વધુ ઉત્સાહી રસીકરણ થયું હોય એમની આ સ્થિતિમાં જવાની શક્યતા વધી જાય. આજકાલ બાળરોગ-નિષ્ણાતો પાસે વિવિધ રસીઓના રીતસરનાં મેનુ હોય છે. જથ્થાબંધ રસીઓનાં પૅકેજ ઑફર થાય છે. જેટલી વધુ આપો એટલું સારું! ડૉક્ટરો બાળકોના હિતમાં છે, એમ માનીને જ સલાહ આપતા હોય અને માબાપ તેનાથી દોરવાતાં હોય. બધાંનો આશય શુભ હોય, પણ સંભવિત નુકસાન વિશે કોઈ ચર્ચા કે પ્રશ્નો થતા નથી, એ ચિંતાજનક છે.

હાઈપોથિસિસ ચકાસવા માટે એક સરળ અભ્યાસ અત્યારે શક્ય છે. MIS-Cના જે પણ કેસ બન્યા હોય એ બાળકો અને તેમનાં માબાપનો રસીકરણનો ઇતિહાસ સહેલાઈથી મેળવી શકાય. બાળકોના રસીકરણનું સરેરાશ પ્રમાણ અને MIS-C વાળાં બાળકોના રસીકરણના સરેરાશ પ્રમાણની સરખામણી કરી, MIS-C અને રસીકરણના પ્રમાણ વચ્ચે મહત્ત્વપૂર્ણ આંકડાકીય (statistically significant) સંબંધ હોય, તો તારવી શકાય. આ અને આવા અનેક અભ્યાસ વૈજ્ઞાનિક રીતે સુસંગત સમજ કેળવવા માટે જરૂરી છે.

રસીકરણ અને બીજા સ્વાસ્થ્યસંબંધી મુદ્દાઓમાં ડૉક્ટરોની ભૂમિકા સૌથી મહત્ત્વપૂર્ણ રહેવાની છે. પાઠ્યપુસ્તકોની આગળ અને બહાર સાંયોગિક અને પ્રાયોગિક તથ્યો પર નજર રાખવી અનિવાર્ય બની ગયું છે. ડૉક્ટર રોબિન્સ, ગાયટન ઍન્ડ હોલ, ગૂડમેન ઍન્ડ ગીલમેન, હેરિસન વગેરેને વાંચતા એ સમજતા જ હોય છે કે ક્રોનિક રોગ કેમ થાય છે કે મોટા ભાગની દવાઓ કેવી રીતે કામ કરે છે વગેરે જાણકારી મહદંશે પ્રયોગાત્મક (empitical) અને સાંયોગિક (circumstantial) જ હોય છે.

મેડિકલ વિજ્ઞાન સૌથી અનિશ્ચિત વિજ્ઞાન છે. હૃદય કે નર્વના ફક્ત એક કોષનું મૅથેમેટિકલ મૉડેલ પણ ઘણા સરલીકરણ (approximations) અને અનુમાનો (assumptions) પર આધારિત હોય છે. આશરે સો અબજ વિવિધ પ્રકારના કોષો અને તેમના આંતરસંબંધો અને આંતરક્રિયાઓથી બનેલી મનોદૈહિક પ્રણાલીને એક મશીનની જેમ સંપૂર્ણપણે સમજવી અશક્ય છે. પણ આ અનિશ્ચિતતા અને અપૂર્ણતા જ એની મહાનતા છે. મેડિકલ વિજ્ઞાન બ્રહ્માંડની સૌથી સંકુલ સિસ્ટમ સાથે કામ પડવાનું સાહસ કરે છે. પણ આટલી બધી લપસણી ભૂમિ પર ડોગ્મેટિક થવાનું પોસાય એમ નથી. ડૉક્ટરોમિત્રોને ખાસ વધારે સહાનુભૂતિપૂર્વક વાંચનની અપીલ કરું છું.

મો.: ૯૮૭૯૦૨૧૫૯૬ jagrut.gadit@gmail.com

## આઝાદી / ભરત વિંઝુડા

દેશની ભૌમિતિક આઝાદી,
ભોગવે છે પથિક આઝાદી.

કોઈ માટે જરીક આઝાદી,
કોઈને છે અધિક આઝાદી.

હોય દેશી પ્રજા અને રાજા,
આ થઈ વાસ્તવિક આઝાદી.

જેમને છે અહીં કલામાં રસ,
માણવાના રસિક આઝાદી.

દેશમાં કેદ થઈ જતી લાગે,
એવી છે આંતરિક આઝાદી.

રાતના ઊંઘ આવી જાય અને
જેને સમજે શ્રમિક આઝાદી.

# ‘નોમિની’નું નામ છાપવાનું ફરજિયાત બનાવો / અતુલ ભટ્ટ

“બૅન્ક ડીપૉઝિટ રીન્યુ કરવામાં આવે ત્યારે નવું નૉમિનેશન ફોર્મ ભરવું પડે તેની મોટા ભાગના થાપણદારોને ખબર હોતી નથી”.

કોરોનાની આ મહામારીમાં ગયા વર્ષે અને આ વર્ષની શરૂઆતમાં હજારો લોકો મૃત્યુ પામ્યાં અને હજી મરી રહ્યાં છે. એક માતાનું મરણ થાય અને તે પછી તેના ત્રણ પુત્ર પણ વિદાય થાય, તો પતિપત્ની અને આખો પરિવાર આ મહામારીના ખપ્પરમાં હોમાઈ ગયાના કિસ્સા બનતા જોયા છે. એવા પણ કિસ્સા બન્યા છે, જેમાં હૉસ્પિટલમાં દર્દીને છેલ્લે સુધી તેમનાં કોઈ સગાં કે પરિવારજનોને પણ મળવા દેવામાં આવ્યાં નહોતાં તો કેટલાકની અંતિમક્રિયા પણ હૉસ્પિટલ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

આ મૃતકોમાં એવા ઘણા હતા જેમને મૃત્યુ અચાનક ભરખી ગયું. મોટા ભાગનાં લોકો જે મરી ગયાં તેમને તેમના સંતાનો, વારસદારો અને સંબંધીઓને તેમનાં નાણાંકીય રોકાણો અને બૅન્કની માહિતી આપવાનો સમય સુધ્ધાં મળ્યો નહીં. મોટા ભાગની બૅન્કો ડિપૉઝિટ ઉપર ફક્ત “Nomination : Registered” એટલું જ છાપે છે. તેથી મોટા ભાગનાં સંતાનો,વારસદારો અને સંબંધીઓ એ જાણતા નથી હોતા કે સિંગલ હૉલ્ડર ખાતામાં કોઈનું નામ ‘નૉમિની’ / ‘વારસદાર’ તરીકે રજિસ્ટર થયેલું છે કે કેમ? બૅન્કના કમ્પ્યૂટરના નૉમિનેશન રેકૉર્ડ ફક્ત બૅન્કના અધિકારીઓ જ બદલી શકે છે. બૅન્કના ગ્રાહક પાસે નૉમિની/ વારસદારના નામના કોઈ પુરાવા / રેકૉર્ડ હોતા નથી.

મારી જ વાત કરું તો મારી પાસબુક અને ફિક્સ ડિપૉઝિટ રસીદમાં ‘નૉમિની’/ વારસદારનું નામ લખાવવામાં ઘણી જ મુશ્કેલી પડી હતી. બૅન્કના અધિકારીઓ હંમેશા એમ કહે કે” It is a secret”–“ એ ખાનગી છે”.

ગ્રાહકથી વળી શું ખાનગી?

એક મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારે(ઇન્વેસ્ટર) બે વારસદારોનાં નામ નૉમિનેશનમાં લખેલાં. જ્યારે આ રોકાણકારને મ્યુચ્યુઅલ ફંડ તરફથી એકાઉન્ટ સ્ટેટમેન્ટ મળ્યું ત્યારે એમાં નૉમિનેશન સામે લખ્યું હતું: “મલ્ટિપલ નૉમિનેશન” આના માટે જ્યારે રોકાણકારે ઘણા ફોન કર્યા ત્યારે કહેવામા આવ્યું કે “It is a secret. અંતે જ્યારે રોકાણકારે મ્યુચ્યુઅલફંડના ચીફ ઍક્ઝિક્યુટિવને બે વારસદારો ના નામ નોંધવા અને તે જાહેર કરવા પત્ર લખ્યો ત્યારે રોકાણકારને મુચ્યુઅલ ફંડ ના ગ્રાહક સેવા વિભાગ દ્વારા જવાબ આપવામાં આવ્યો જેમાં નીચેના મુદ્દાઓ લખ્યા હતાઃ

૧.કેટલાક મુચ્યુઅલ ફંડ્સ નોમીની/વારસદારના નામ એકોઉન્ટ સ્ટેટમેન્ટ માં છાપેછે અને કેટલાક મુચ્યુઅલ ફંડસ નોમીની/વારસદાર ના નામ એકોઉન્ટ સ્ટેટમેન્ટ માં નથી છાપતા.( “SEBI” ને આની નોંધ લેવા વિનંતી)

૨. એકોઉન્ટ સ્ટેટમેન્ટ માં બે નામ છાપવા માટેની પૂરતી જગ્યા નથી.

( એ જગ્યા જ્યાં “મલ્ટિપલ નોમીનેસંન્સ” છાપ્યું છે તે જગ્યા કોમ્પુટર ના જમાનામાં બે વારસદારોના નામ છાપવા માટે પૂરતી છે.)

૩.જો રોકાણકાર તરીકે તમે બે વારસદારોના નામ નોંધાવવા માગતા હો તો અમે તેને એકાઉન્ટ સ્ટેટમેન્ટ માં નહિ છાપીએ પણ એક જુદા લેટરમાં બે વારસદારોનાં નામ લખીને આપીશું.

તમે સમજી શકો છો કે બેંકની પાસબુક, ડીપોઝિટસ અને મુચ્યુઅલ ફંડ્સ ના એકાઉન્ટ સ્ટેટમેન્ટ માં વારસદારોનાં નામ લખાવવાનું કે છપાવવાનું કેટલું મુશ્કેલ છે.

જો બેંક ડીપોઝિટના ખાતામાં પૈસાની કોઈ જમા –ઉધારની કોઈ એન્ટ્રી પડે નહીં તો બે વર્ષ પછી ખાતુ “ડોર્મન” થઈ જાયછે અને ૧૦ વરસ પછી એ ખાતુ રિજર્વ બેક્નના

“DEPOSITOR EDUCATION AND AWARENESS FUND (DEAF) માં ટ્રાન્સફર કરવામા આવેછે

DEAF ACCOUNT માં જમા થયેલી રકમ

| | |
|---|---|
| ૧. ૨૦૧૩-૧૪ | Rs.૨,૭૯૫ કરોડ |
| ૨. ૨૦૧૪-૧૫ | Rs. ૭,૮૭૫ કરોડ |
| ૩. ૨૦૧૫-૧૬ | Rs.૧૦,૫૮૫ કરોડ |
| ૪. ૨૦૧૬-૧૭ | Rs.૧૪,૬૯૭ કરોડ |
| ૫. ૨૦૧૭-૧૮ | Rs.૧૯,૫૬૭ કરોડ |
| ૬. ૨૦૧૮-૧૯ | Rs.૨૫,૭૪૭ કરોડ |
| ૭.૨૦૧૯-૨૦ | Rs. ૩૩,૧૧૪ કરોડ |

Ref. 1. Statistical Tables Relating to Banks in India,RBI

કલેઈમ ન થયેલી ડીપોઝિટ ની DEAF માં જમા કુલ રકમ

૨૦૧૯-૨૦ માં રૂ.૩૩,૦૦૦ કરોડ હતી.જનરલ ઇન્સુરન્સ માં કલેઈમ ન

થયેલી રકમ રૂ.૧૭,૮૮૭ કરોડ હતી અને જીવન વીમાની રકમ રૂ.૧૨,૮૯૨ કરોડ હતી.વીમા માટે આના જેવી યોજના “Senior Citizens

Welfare Fund (SCWF) છે. આ રકમ અને ખાતાઓની સંખ્યા દર વર્ષે વધતી જાયછે.

આવી DEAF માં જમા થયેલી રકમ જો ગ્રાહક દ્વારા પરત માંગવામાં આવેતો બૅંકે DEAF માં કલેઈમ કરીને પાછી આપવાની હોયછે.આ ફંડમાં ટ્રાન્સફર થયેલી રકમ પર જુલાઈ ૨૦૧૮ થી ૩.૫% વર્ષે વ્યાજ આપવામાં આવેછે.

જો બૅંક ડીપોઝિટ રીન્યુ કરવામાં આવે તો થાપણદારે નવું નોમીનેશન ફોર્મ ભરવું પડેછે.મોટા ભાગના થાપણદારોને આ ખબર હોતી નથી.મોટા ભાગની બેંકો જુનું નોમીનેશન નવી ડીપોઝિટ માં ટ્રાન્સફર કરતી નથી.આના કારણે રીન્યુ કરેલી ડીપોઝિટ માં નોમીનેશન હોતું નથી.

**સિંગલ નામે ડીપોઝિટ માટે નોમીનેશન સુવિધા.**

અલ્લાહાબાદ હાઇકોર્ટ પાસે આવેલા એક કેસમાં નામદાર કોર્ટે અવલોકન કર્યું હતુ કેઃ

“એ યોગ્ય ગણાશે કે રીઝર્વ બૅંક ઓફ ઇન્ડિયા સૂચના આપે કે સીંગલ નામ પર સેવીંગ અને ફિક્સ્ડ ડીપોઝિટ થાપણદાર દ્વારા નોમીનેશન ના નામ વગર સ્વીકારવામાં નહિ આવે.આ વાત લાંબે ગાળે વિધવાઓ અને બાળકોને ફાયદાકારક થશે જેઓ ને કોર્ટમાં કલેઈમ માટે ઘણા સમય માટે રાહ જોવી પડેછે જે કાયદેસર રીતે તેમની છે.

રિઝર્વ બૅંક ઓફ ઇન્ડિયાના ચીફ જનરલ મેનેજર-ઈન ચાર્જ શ્રી પ્રશાંત

શરણ એ એપ્રિલ,૫,૨૦૦૭,NO.Leg BC.૭૫/૦૯.૦૭.૦૦૫/ ૨૦૦૬-૦૭ ના રોજ બધી જ શિડ્યુલ કોમર્શિયલ બૅંકને સરક્યુલર ઇસ્યુ કરેલોઃ

"અમને લાગેછે કે આ બાબતમાં અમારા ઘણા પ્રયત્નો છતાં બૅંકો હજુ પણ નોમીનેશન વગર સિંગલ ડીપોઝિટ ખાતા ખોલે છે.

ઉપરોક્ત બાબતને ધ્યાન માં રાખીને બૅંકોને સલાહ આપવામાં આવે છે કે સામાન્ય રીતે બૅંકોએ આગ્રહ રાખવો જોઈએ કે ડીપોઝિટ ખાતું ખોલનાર વ્યક્તિ નોમીનેશન કરે. જો ખાતું ખોલનાર વ્યક્તિ નોમીનેશન ફોર્મ ભરવાની ના પડે તો બૅંકે તેને નોમીનેસન કરવાના ફાયદા જણાવવા જોઈએ. જો ખાતું ખોલાવનાર વ્યક્તિ છતાં પણ ના પડે તો બૅંકે તેને એક પત્રમાં તે નોમીનેશન કરવા માંગતો નથી તેમ લખીને જણાવવા કહેવું જોઈએ.જો વ્યક્તિ આવો પત્ર લખીને આપવાની ના પડે તો બૅંકે આ બાબતની નોંધ ખાતું ખોલવાના ફોર્મ માં કરીને જો બાકીની વિગતો યોગ્ય હોયતો તેનું ખાતું ખોલવું જોઈએ.કોઈ સંજોગોમાં બૅંકે વ્યક્તિ નોમીનેશન કરવા માંગતો નથી એ કારણથી ખાતું ખોલવાની ના ન પાડવી જોઈએ.

એવું લાગે છે કે નામદાર અલ્લાહાબાદ હાઈકોર્ટના અવલોકન / ચુકાદાને ભારતીય બૅંકિંગ ક્ષેત્રે અમલમાં મૂક્યા નથી.માનનીય અલ્લાહાબાદ હાઈકોર્ટ અને ભારતીય સુપ્રીમને મારી નમ્ર વિનંતી છે કે જયારે પણ તમે ભારતની પબ્લીક સેક્ટર સંસ્થાઓ માટે અવલોકન કે ચુકાદો આપો ત્યારે તેને અમલમાં કેવી રીતે મૂકવો તે તેમના પર ન છોડી દ્યો. આ કેસમાં એ સ્પષ્ટ રીતે કહેવું જોઈતું હતું કે બૅંકની પાસબુક, ફીક્સ ડીપોઝિટ અને મુચ્યુઅલ ફંડના સ્ટેટમેન્ટ માં "નોમીની" વારસદારનું નામ છાપવાનું ફરજિયાત બનાવો.

નોમીની નો આધાર નંબર જો ગ્રાહક આપવા માંગતો હોય તો આપી શકે છે.

આનો એક બીજો એ ઉપાય થઇ શકે કે જો સિંગલ હોલ્ડર નોમીનેશન કરવા માગતો ન હોય તો ખાતું ખોલવાના ફોર્મમાં નીચે પ્રમાણે જોગવાઈ કરી શકાય :

BOX ટીક કરો. હું આ ખાતામાં નોમીનેશન કરવા માંગતો નથી.મારા મૃત્યુ પછી આ ખાતાની રકમ રિઝર્વ બૅંક ઓફ ઇન્ડિયાના Depositor Education and Awareness Fund માં જમા થશે તેને હું મંજુરી આપુછું.આ રકમ ભારતીય નાંણા ખાતા દ્વારા ભારતીય વરિષ્ઠ નાગરિકના કલ્યાણ માટે વાપરવામાં આવે.આ કાયદેસર રીતે યોગ્ય ગણાશે.

માનનીય નાણા પ્રધાન, ગવર્નર, રિઝર્વ બૅંક ઓફ ઇન્ડિયા અને ચેરમેન, SEBI ને મારી નમ્ર વિનંતી છે કે આ ઉપરોક્ત બાબતો નો અમલ નાગરિકો /ગ્રાહકો ના લાભ માટે કરવામા આવે.

ગ્રાહક ઇચ્છે તો બૅંક માટે નોમીની નું નામ લખવું ફરજિયાત છે.ઘણીવાર ગ્રાહકો તેને ખાનગી રાખવા માગે છે. મોટા ભાગની બેંકો ડોક્યુમેન્ટમાં નામ લખતી નથી.

આ લેખ વાંચ્યા પછી તમારી પાસબુક અને ફિક્સ ડીપોઝિટ રસીદ માં નોમીની નું નામ લખેલ છે તે ચેક કરો અને ન લખેલ હોય તો બેંકમા જાવ અને લખાવી લો.આ તમારા અને નોમીની માટે લાભકારક રહેશે.

E-mail:professoratulbhatt2016@gmail.com

સૌજન્યઃ "વ્યાપાર" "અર્ધસાપ્તાહિક" જુન, ૨૦૨૧

વિજ્ઞાન

## મૅગ્નેટમેનના સમાચારોથી ગેરમાર્ગે દોરાશો નહીં / દિલીપ સતાશિયા

આજકાલ મોટા ભાગનાં સમાચારપત્રો અને સોશિયલ મીડિયામાં, કોરોના રસી લીધા પછી શરીરમાં ચુંબકીય ક્ષેત્ર ઉત્પન થાય છે, એવા સમાચારો પ્રસિદ્ધ થઈ રહ્યા છે. શરીરમાં ચુંબકીય ક્ષેત્રનું કારણ કોરોનાની રસીને બતાવવામાં આવી રહ્યું છે, જે તદ્દન અંધશ્રદ્ધાભર્યા સમાચાર છે.

આ ઘટનાની પાછળ વિજ્ઞાનનું સાચું કારણ જાણવાથી ખ્યાલ આવે છે કે આ એક સામાન્ય ઘટના છે અને તે બધા માટે સમાન રીતે શક્ય છે.

હવે વિજ્ઞાનની વાત કરીએ. સૌપ્રથમ, જો શરીરમાં ચુંબકત્વ પેદા થતું હોય, તો માત્ર લોખંડની વસ્તુ જ ચોંટે. પરંતુ અહીં લોખંડ સિવાય ટીવી-રિમોટ, મોબાઈલફોન, સ્ટીલની ચમચી અને સિક્કાઓ ચોંટે છે, તેથી ચુંબકત્વને આની સાથે કોઈ લેવાદેવા નથી. જેમના ઘરમાં ચુંબક હોય એ લોકો પ્રયોગ કરીને જાતે ચકાસણી કરી શકે છે.

બીજું, આપણા લોહીમાં અમુક ટકા લોહ પણ હોય છે. તેથી જો શરીરમાં ચુંબકત્વ પેદા થાય, તો લોહીના રુધિરાભિસરણ તંત્રમાં પણ ફરક પડી જાય. ટૂંકમાં રસી અને શરીરમાં ચુંબકત્વને કાંઈ લેવાદેવા નથી.

જે લોકો મૅગ્નેટમેન બની ગયા છે તે બધાને ધ્યાનથી જોઈએ તો ખ્યાલ આવશે કે શરીરના જે ભાગ ઉપર રૂંવાટી નથી ત્યાં આવી વસ્તુઓ ચોંટેલી દેખાય છે. એટલે કે જે ભાગ ઉપર રૂંવાટી નથી ત્યાં ચામડી ખૂબ જ લીસી હોવાના કારણે તેમના શરીર ઉપર આવી બધી વસ્તુ ચોંટે છે. સ્ટીલનાં વાસણો, સિક્કા, રિમોટ કે મોબાઇલ જેવી વસ્તુઓની સપાટી પણ લીસી હોય છે.

અત્યારે વરસાદની તૈયારી છે એટલે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધારે છે, તેથી શરીર ઉપર પરસેવો વધુ થાય અને ચિકાસ જેવું થઈ જવાને કારણે સરફેસટૅન્શન ખૂબ જ વધી જાય છે. ગુજરાતીમાં તેને પૃષ્ઠતાણ કહેવામાં આવે છે. ભૌતિકશાસ્ત્રના પૃષ્ઠતાણના નિયમને કારણે શરીરની ચામડી પર આવી કોઈ વસ્તુ ચીપકી જાય એમાં કોઈ ચમત્કાર નથી. અને હા, અહીંયાં વસ્તુઓ ચોંટી જતી નથી, પણ પૃષ્ઠતાણને કારણે થોડોક સમય ચામડી પર ટકી જાય છે. અને શરીરના જે ભાગ ઉપર રૂંવાટી હોય છે, ત્યાં પૃષ્ઠતાણ નહીંવત્ હોય છે, તેથી ત્યાં આવી વસ્તુઓ ચોંટી જતી નથી. આમ, કોરોનાની રસીને કારણે આવું થાય તે વાતમાં કોઈ તથ્ય નથી.

આપ સૌને યુનિવર્સ સાયન્સ ફોરમ તરફથી ખાસ વિનંતી કરીએ છીએ કે વર્તમાનપત્રો, ટીવી કે સોશિયલ મીડિયામાં મૅગ્નેટમેનના સમાચારોથી ગેરમાર્ગે દોરાશો નહીં, અંધશ્રદ્ધામાં ફસાશો નહીં, કોરોનાની રસી જલદીથી લઈ લેશો.

યુનિવર્સ સાયન્સ ફોરમ, મો. ૯૯૦૯૧ ૮૯૯૬૯

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every MonthPublish on 1st & 16th of every Month..

## તિર્યંકી

# લેખન શિબિર

હિમાંશી શેલત

(ચર્ચા તથા સવાલ-જવાબની ખુલ્લી બેઠક)

**સમસ્યા :** સરજી, અમે લખીએ તો છીએ પણ અમારું લેખન ક્ષતિગ્રસ્ત છે. અમારે લેખન દ્વારા વાસ્તવદર્શન કરાવવું છે, પ્રજાનો અવાજ બનવું છે, કેમકે એ તો સર્જકધર્મ કહેવાય. આપે પણ પહેલાં શીખવેલું આવું. સમસ્યા એ છે કે અમારે એ પ્રકારનું લેખન કરવું છે, જેના થકી અરાજકતા ન ફેલાય, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ ન જોખમાય, શાસકપક્ષ ન દુભાય, શાસકપક્ષના ભક્તોને ક્લેશ ન થાય, એ ભક્તોના ભક્તોને પણ મનદુઃખ ન થાય, સમાજમાં સંવાદ ટકોરાબંધ રહે (મોબ જેવી ઘટના વખતે પણ), અમારા ઈરાદા મેલા છે, એવો આક્ષેપ ન થાય, અમે વામપંથીઓમાં, ઉગ્રવાદીઓમાં, આતંકવાદીઓમાં, રાષ્ટ્રદ્રોહીમાં, નક્સલવાદીમાં ન ખપી જઈએ, અને છતાં-છતાંયે સરજી, જે દૃષ્ટિવિહીનને પણ દેખાય એવી વાસ્તવિકતા છે, તેનું અમે યથાતથ બયાન કરી શકીએ. કેમકે, આમ કરવું એ સ્વધર્મ છે લેખકનો, તો અમે તે શી રીતે કરીએ એનો પથ દર્શાવો, સર જી!

**ઉકેલ :** ભારતીય મૂલ્યો પ્રમાણે કશુંયે અનાવૃત્ત હોય તે શિષ્ટ નથી. સત્ય પણ અનાવૃત્ત હોવું ન ઘટે. એનાથી અશ્લીલતા અને મલિનવૃત્તિઓને વેગ મળે. સત્યને ઢાંકવાની કલા એ જ સર્જન સાચું. સત્યને નગ્ન ન દેખાડવું – અને આ કલા પહેલાં હસ્તગત કરો. જો આ આવડત ન હોય તમારામાં, તો સત્યને રૂપાંતરિત કરો. ઉદાહરણ તરીકે જે નદીમાં વહેતાં દેખાયાં એ શબ નહોતાં. નજરનો દોષ કે તમે એને શબ કહો છો. એ તો ફૂલો ભરેલી છાબડીઓ હતી, જે વહેતી હતી નદીમાં. તમને જે કુરૂપ, આઘાતક લાગ્યું એ તમારો દૃષ્ટિભ્રમ.

ખરેખર તો એ ફૂલોની છાબથી તમને કશુંક સુંદર અને અનુપમ જોયાનો આનંદ થવો ઘટે. એ આનંદ વર્ણવો ને શબ્દોમાં, કોણ રોકે છે? શબને શબ તરીકે જુઓ છો શા માટે ? જે છે તે નથી અને નથી તે છે, આને પ્રત્યક્ષ કરાવે એ જ તો લેખનકલા!

**સમસ્યા :** પણ સરજી, જે દેશબાંધવો ને ભગિનીઓ પ્રાણવાયુની અછતને કારણે સ્વર્ગે ગયાં, તેમાં શાસકો અને વહીવટીતંત્રને સાવેસાવ ભોળુંભટાક અને નિર્દોષ કેવી રીતે દેખાડીએ? મોતને સંતાડતા વહીવટને ઉત્તમ શી રીતે ઠેરવીએ ? પ્રજાને પડખે કોઈ દેખાતું નહોતું એ સમયને મુલાયમ ભાષામાં શી રીતે મૂકીએ ?

**ઉકેલ :** આ તો કોઈ સમસ્યા જ નથી. જે પ્રાણવાયુ વિના પ્રભુશરણ થયાં તેઓ શ્વાસ રોકવાની એક યૌગિક ક્રિયામાં વ્યસ્ત હતાં. મહામારીમાં યોગની સહાય કઈ રીતે લેવાય, એના પ્રશિક્ષણમાં તેઓ એ હદે રોકાયાં હતાં કે શ્વાસ થંભાવ્યા પછી પુનઃ છોડવાનો હોય છે, એ વાતનું વિસ્મરણ થતાં આ ગરબડ થઈ. એમાં તો કોઈનો વાંક જ નથી. આ એક વિલક્ષણ પ્રયોગ હતો અને ગફલત થઈ તે અકસ્માત. સર્જક તરીકે તમે આખી ઘટનાને કઈ રીતે સ્વાભાવિક વાસ્તવિક અને પ્રતીતિજનક બનાવી શકો એમાં જ તો સર્જકત્વ દેખાશે! કલમ અજમાવી તો જુઓ એક વખત આ દિશામાં. એમાં જ તો મૌલિકતા ઝળહળશે!

**સમસ્યા :** બેજવાબદારી, ગેરવહીવટ અને તબીબી-સહાયનો વિલંબ અનેક મૃત્યુનું કારણ બન્યાં તો આવા તંત્રને શ્રેષ્ઠ અને બેનમૂન ગણવા માટે કેવું લેખન પ્રયોજવું, જેથી સામાજિક સુસંવાદ, શાસનની પ્રતિષ્ઠા, શાસકોનો માનવીય કરુણાળુ અભિગમ અને સંસ્કૃતિની ગરિમા પ્રગટ થાય?

**ઉકેલ :** તમે જોયાં નહીં એમનાં આંસુ ? સાંભળ્યા નહીં એ ગળગળો કંપનયુક્ત અવાજ ? વાંચ્યા નહીં એ નિવેદનો કે જેમાં મહામારી સામેના મહાયુદ્ધની ગૌરવગાથા હોય ? મંકોડાના ગળાની ઘંટડી સાંભળવાની સજ્જતા ધરાવવાની છે તમ સર્જકોએ ન હોય તો લખવાનાં શું, ધૂળ ને રાખ?

**સમસ્યા :** સરજી, અમે એમ તો લખ્યું કે ભલે હૉસ્પિટલમાં નહીં, સ્વર્ગમાં તો જગ્યા મળી ને, પરંતુ આ હકારાત્મક વલણથી ઘણાં અમારા પર ક્રોધિત છે, તો અમે શું કરીએ આ બાબત ? (સમય પૂરો થવાથી બેઠક અધૂરી રહી હતી.)

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com